સુવિચાર
''સારા માણસને પ્રશંસાની પડી નથી હોતી. કારણ કે, ફૂલ પર અત્તર છાંટવાની જરૂર જ નથી હોતી.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૨/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એક્સપ્રેસ

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.


ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ ફાગણ સુદ-૫ વર્ષ : ૧૭ અંક : ૦૬૦

## ''અમરેલી એક્સપ્રેસ''માં અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ

# અમરેલીમાં નવા બનેલ ''ચિતલ રોડ''ની તિરાડનું રીપેરીંગ શરૂ

**અંદાજિત ૧૦ કરોડનાં ખર્ચે બનેલ ચિતલ રોડમાં ટેકનીકલ કારણોસર ૫૦ ફૂટ જેટલી તિરાડ પડેલ**

**બાંધકામ એજન્સી દ્વારા ૫૦ મીટર જેટલી તિરાડનું બાંધકામ દૂર કરીને નવુ કામ શરૂ કરાયુ**

**શહેરીજનોનાં હિતમાં અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવતાં રોડની મજબુતાઈ પ્રસ્થાપિત થશે**

**જો કે માર્ગ-મકાન વિભાગ દ્વારા પણ રોડની મજબુતાઈ જળવાઈ રહેશે તેવી ખાત્રી અપાઈ**



અમરેલી, તા. ૨૧

અમરેલીનાં ગૌરવસમા ચિતલ રોડનું રૂપિયા ૧૦ કરોડનાં ખર્ચે નવિનીકરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં એરપોર્ટની આગળ ભૂગર્ભ ગટરની જમીન પોચી પડી જતાં ૫૦ મીટર જેટલી તિરાડ પડી ગયેલ.

જે અંગેનો અહેવાલ "અમરેલી એક્સપ્રેસ" દૈનિકમાં શનિવારે પ્રસિધ્ધ થતાં જ માર્ગ-મકાન વિભાગ અને બાંધકામ એજન્સીએ અહેવાલની ગંભીરતા સમજીને તિરાડ પડેલ માર્ગ તોડી પાડીને વધુ મજબુતાઈથી બનાવવાનું શરૂ કર્યુ છે.

શહેરમાં બની રહેલ માર્ગોનું કામ શરૂઆતથી જ વિવાદાસ્પદ

**અમરેલીમાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ ચિતલ રોડમાં સપાકારે તિરાડ પડી જતાં આશ્ચર્ય**

જો કે માર્ગ-મકાન વિભાગે ટેકનીકલ કારણોસર તિરાડ પડયાનું જણાવ્યું



અમરેલી શહેરમાં થતાં વિકાસ કાર્યો નિયમ મુજબ થાય, શહેરીજનોનાં પરસેવાનાં નાણાનો ઉપયોગ યોગ્ય રીતે થાય તે અંગે સતત "અમરેલી એક્સપ્રેસ" અહેવાલ પ્રસિધ્ધ કરતું હોવાથી વહીવટીતંત્ર પણ જાગૃત રહીને નિયમ મુજબ કામ કરવા મજબુર બની રહ્યું છે.

## જાગૃત વ્યકિતએ રાજયપાલને પત્ર પાઠવીને રજુઆત કરી

# લ્યો બોલો : અમરેલીની કમાણી સાયન્સ કોલેજમાં અપુરતા શૈક્ષણિક સ્ટાફથી વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત

**AI ટેક્નોલોજીનાં યુગમાં શિક્ષણક્ષેત્રમાં સુવિધા વધારવી જરૂરી**

અમરેલી, તા. ૨૧

ધારીનાં પ્રેમપરાનાં જાગૃત વિદ્યાર્થી રાકેશ પરમારે રાજયપાલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમે પ્રતાપરાય કમાણી સાયન્સ કોલેજ અમરેલીના વિદ્યાર્થીઓ આ પત્ર દ્વારા આપનું ધ્યાન એ ગંભીર સમસ્યા તરફ દોરવા માગીએ છીએ અમારી કોલેજમાં ચાલતા ટેકનીકલ અને સાયન્સના મહત્વના અભ્યાસક્રમોમાં

અનુસંધાન પાના ૬ ઉપર

ચામડી તથા વાળ માટે અત્યાધુનિક મશીન દ્વારા સારવાર

આયુરગ્લો
આયુર્વેદિક એસ્થેટિક્સ
ડો. બીના જી. રાબડીયા (BAMS, PGDACC, ADHM, CCCH) | ડો. કેયુર આર. કોટડીયા (MBBS, DNB, FID, FIE, FCCM, FCCS)
દુ.નં. ૧-૨, સ્વામિનારાયણ મંદિર રોડ, માણેકપરા, અમરેલી

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ઓફીસ / ફ્લેટ વેચવાના છે....
મોકાની ઓફીસ ફુલ ફર્નિચર અને ભાડાની આવક સાથે વેચવાની છે.
ગીરધરભાઈ સંગ્રાહલય શોપીંગ સેન્ટર
પોસ્ટ ઓફિસ સામે - અમરેલી
કસમાં ફ્લેટ વેચવાનો છે...
ગોકુલધામ એપાર્ટમેન્ટ, લાઠી રોડ - અમરેલી
સંપર્ક : 9377448644

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. જતીન વખારિયા<br>કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન<br>MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. પાર્થ જોષી<br>MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)<br>મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન |
| દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી<br>ડો. સંદીપ ખેની<br>હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. શ્રેયા બુટાલા<br>MD, DM Gastro (SGPGIMS),<br>Consultant Gastroenterologist and Hepatologist |

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ I ૭૬૯૮૮૧૫૩૧૫
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,43,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧


Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઇ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
• ઉદાસી રોગ • મરવાના વિચાર આવવા • વિચારવાયુ • વહેમ, શંકા • મંદબુધ્ધિ બાળકોની સારવાર
• ચિંતા - ટેન્શન • માથાનો દુઃખાવો • જાતિય રોગો • વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

"NAARI WELCOMES NEW TEAM MEMBER"

naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ, વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
▪ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ▪ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
▪ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ▪ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
➜ ૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ➜ ૧૫૦૦ + સિઝેરીયન
➜ ૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

# અમરેલી : ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સંચાલિત જ્ઞાનશક્તિ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ''આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'' ઉજવાયો










અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એકસીલેન્સના વિદ્યાર્થીઓ ધ્વારા ''આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'' ઉત્સાહ અને ગૌરવ સાથે ઉજવાયો. વિશ્વ ભરમાં દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ International Mother Language Day તરીકે ઉજવાય છે. આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા માતૃભાષાના મહત્વ અંગે વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રજવલનથી કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા માતૃભાષાના જતન અને વિકાસ અંગે પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું. તેમણે જણાવ્યું કે માતૃભાષા આપણા સંસ્કાર, સંસ્કૃતિ અને ઓળખનો આધાર સ્તંભ છે. માતૃભાષા દ્વારા જ વ્યક્તિ પોતાની લાગણીઓ સહજ રીતે વ્યક્ત કરી શકે છે. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા કવિતા પાઠ, વક્તૃત્વ સ્પર્ધા અને લોકગીતોની રજૂઆત કરવામાં આવી. વિવિધ ધોરણોના વિદ્યાર્થીઓએ માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને ગૌરવ વ્યક્ત કરતા સુંદર કાર્યક્રમો રજૂ કર્યા. ખાસ કરીને ગુજરાતી ભાષાના વૈભવ અને સાહિત્યકારોની કૃતિઓ પર આધારિત પ્રસ્તુતિઓએ સૌનું મન મોહી લીધું. આ કાર્યક્રમમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં માતૃભાષા પ્રત્યે પ્રેમ, ગૌરવ અને જાગૃતિ વધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્કૂલના સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ પ્રમુખ અને સર્વોત્તમ શિક્ષણના સ્વપ્ન દ્રષ્ટા વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### અમરેલીને બદલે ચલાલાથી ટ્રેન આવનજાવન કરશે

## અંતે જુનાગઢ-ચલાલા વચ્ચે આવતીકાલથી મીટરગેજ ટ્રેન શરૂ

### ચલાલા-વેરાવળ વચ્ચે પણ ટ્રેન શરૂ કરવી જરૂરી

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લાનાં લોકોની લાંબા સમયની માંગને તથા રેલ્વે યાત્રિયોની સુવિધા તથા તેમની માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલ્વે દ્વારા ભાવનગર રેલ્વે મંડળના મીટરગેજ સેકશનમાં વિશેષ ભાડા પર જૂનાગઢ અને ચલાલા સ્ટેશનો વચ્ચે આગામી તા. ૨૩ને સોમવારથી દૈનિક સ્પેશિયલ ટ્રેન શરૂ કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે.


આ અંગે ભાવનગર મંડળ ના વરિષ્ઠ મંડળ વાણિજય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીનાં જણાવ્યાં મુજબ ટ્રેન જૂનાગથી ચલાલા જતી દૈનિક મીટરગેજ સ્પેશિયલ ટ્રેન જૂનાગઢ સ્ટેશનથી સવારે ૧૦:૪૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બપોરે ૨:૧૦ વાગ્યે ચલાલા સ્ટેશન પહોંચશે.

આજ ટ્રેન ચલાલાથી જૂનાગઢ જતી દૈનિક મીટરગેજ સ્પેશિયલ ટ્રેન ચલાલાથી બપોરે ૨:૪૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને સાંજે ૫:૩૫ વાગ્યે જૂનાગઢ સ્ટેશન પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં તોરણિયા, બિલખા, જુની ચાવંડ, વિસાવદર, જેતલવડ, ભાડેર અને ધારી સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ મુસાફરોને આ ટ્રેનનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમરેલીથી ઉપડતી જુનાગઢ તથા વેરાવળ મીટરગેજ ટ્રેન ૬ મહિના માટે થઈ એક વર્ષ પહેલાં બંધ કરી દેવામાં આવેલ હતી. આ બંધ થયેલ તમામ ટ્રેન ફરી શરૂ કરવાં માટે ચલાલા તથા ધારી પંથકના લોકો માંગ કરી રહયાં હતાં. ત્યારે માત્ર એક ચલાલા- જુનાગઢ વચ્ચે એક ટ્રેન અને તે પણ સ્પેશિયલ ટ્રેન તરીકે ચલાવવાનાં નિર્ણયથી લોકો ભારે આશ્ચર્ય અનુભવી રહયાં છે. જયારે ચલાલા- વેરાવળ મીટરગેજ ટ્રેન કયારે શરૂ કરવામાં આવશે તે અંગે સવાલ ઉઠવા પામેલ છે.

## લીલીયા મોટા : સરકારી કોલેજ ખાતે માતૃભાષા દિવસની ઉજવણી





લીલીયા મોટા, તા. ૨૧

લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજય કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ. ઉજવણી નિમિત્તે જ્ઞાનધારા, ગુજરાતી વિભાગ, સમાજશાસ્ત્ર વિભાગ, હિન્દી વિભાગ અને અંગ્રેજી વિભાગના સંયુકત આયોજન હેઠળ માતૃભાષા અને સમાજીકરણ વિષય પર વ્યાખ્યાન યોજાયું.

મુખ્ય વકતા ડો. રાજેન્દ્રસિંહ રાઠોડે માતૃભાષા વડે સમાજીકરણ વિષય પર પ્રેરણાત્મક પ્રવચન આપતાં જણાવ્યું કે માતૃભાષા બાળકના વ્યકિતત્વ વિકાસ, મૂલ્ય સંસ્કાર અને સામાજિક એકતાનું મુખ્ય માધ્યમ છે. માતૃભાષા દ્વારા જ વ્યકિત પોતાની ઓળખ, સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે ગાઢ રીતે જોડાય છે.

કાર્યક્રમમાં પ્રાધ્યાપકવૃંદ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. અંતે પ્રશ્નોત્તરી અને ચર્ચાસત્ર યોજાયું. સમગ્ર કાર્યક્રમ જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક રહ્યો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.


શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો.કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
- કાનમાંથી નિકળતી રસી,ફુગ,મેલ માટે નિદાન અને સારવાર
- કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન
- કાનની બુઠ્ઠનું ઓપરેશન
- એલર્જી, ચકકર, સાયનસનું નિદાન અને સારવાર
- સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
- એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
- $CO_2$ લેસર સર્જરી
- થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન

સમય : સવારે ૧૦ થી ૧,સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ,અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭


### શ્રમિક પરિવારની મહેનતની કમાણીની ચોરી

## રાજુલાનાં દાંતરડી ગામે રહેણાંક મકાનમાંથી રૂપિયા ૧.૧૦ લાખની ચોરીની ઘટના બની

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૧

રાજુલા તાલુકાનાં દાંતરડી ગામેરહેતાઅનેમજુરીકામકરતાલાભુબેન અશોકભાઈ શિયાળ નામના ૪૦ વર્ષિય મહિલાતથાતેમનીદીકરીઓનીપગારની બચતનાં તથા વાપરવા માટે રાખેલ રૂા. ૨૬,૦૦૦ઘરે રાખેલ રકમમાંથી ગત તા. ૧૦થી તા. ૧૭ સુધીનાં સવારના આઠ વાગ્યાથીરાત્રિનાદસવાગ્યાવચ્ચેકોઈપણ સમયે કોઈ અજાણ્યા વ્યકિતએ આવીને ઘરનામુખ્યદરવાજાનીચાવીકબાટઉપર બારી પાસે મુકેલ હોય જે ચાવીથી મુખ્ય દરવાજો ખોલી સેટીના ગાદલાની નીચે કબાટની તથા સુટકેસની ચાવીઓ સાથે રાખલહોયજેચાવીકબાટમાંનીસુટકેસનો લોક ખોલી બચતના રૂપિયામાંથી રૂા. ૯૦,૦૦૦ તથા એક ડબામાં રોજીંદા વાપરવાના રાખેલ રૂપિયામાંથી રૂા. ૨૦,૦૦૦મળીકુલરૂા. ૧,૧૦,૦૦૦ની ચોરીકરીલઈગયાનીપોલીસમાંફરિયાદ નોંધાઈ છે.

### વીજ કંપની દ્વારા કડક વસુલાત શરૂ

## ખાંભા : પીજીવીસીએલ દ્વારા દોઢ કરોડની બાકી રકમ વસુલવા કાર્યવાહી શરૂ કરી

### ગ્રાહકોને નોટિસ પાઠવી કનેકશન કાપી નાખવાની ચીમકી

ખાંભા, તા. ૨૧

ખાંભા તાલુકામાં પશ્ચિમ ગુજરાત વીજ કંપનીનાં ગ્રાહકો પાસે અંદાજે ૧.૫ કરોડ રૂપિયા બાકી રકમ હોવાના કારણે વીજ તંત્ર ધ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે બાકી વસુલાત માટે વીજતંત્ર ઊંધા માથે પડયું આ અંગે ખાંભા પીજીવીસીએલનાં નાયબ ઈજનેર તલસાણીયા ધ્વારા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે બાકી રકમ વહેલી તકે ભરી દેવાની છે નહિતર વીજ જોડાણ કાપી એ રદ કરવામાં આવશે તેની કડક ચેતવણી આપવામાં આવી છે. ત્યારે પીજીવીસીએલ ટીમ ધ્વારા ખાંભા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ડોર ટુ ડોર વસુલાત શરૂ કરવામાં આવી છે. ત્યારે બાકીદાર ગ્રાહકોને નોટિસ પાઠવી કનેકશન કાપવાની ચેતવણી આપવામાં આવી છે. વીજબિલની બાકી રકમ તારીખ ૨૫/૨/૨૦૨૬ પહેલા ભરપાઈ કરી દેવાની ગ્રાહકોને અપીલ કરવામાં આવે છે. જેથી કરીને ગ્રાહકોને વિજ પુરવઠોથી વંચિત ન રહેવું પડે.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવ્યો

## વડિયા : ગૌમાતાને રાષ્ટ્રીય માતા જાહેર કરવા મુસ્લિમ યુવકની માંગ

### શંકરાચાર્યની માંગ વ્યાજબી હોય સમર્થન કર્યુ

વડિયા, તા. ૨૧

હિન્દૂ ધર્મ મુજબ ગાયમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે તેવુ માનીને ગાયને માતાનો દરજજો આપવામાં આવે છે. ભારત બિનસાંપ્રદાયિક દેશ હોવાથી તમામ ધર્મના લોકો અહીં હળી મળીને વસવાટ કરે છે અને ભાઈચારાની લાગણીથી પોતાના ઉત્સવો ઉજવે છે ત્યારે અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયા ગ્રામપંચાયતના સદસ્ય અને જિલ્લા યુથ કોંગ્રેસના આગેવાન એવા મુસ્લિમ યુવાન જુનેદ ડોડીયા ધ્વારા પ્રધાનમંત્રીને પત્ર લખીને જણાવાયું છે કે હિન્દૂ ધર્મમાં ગાયને માતાનો દરજજો અપાયો છે તેની પૂજા કરવામાં આવે છે. સ્વામી અવીમુક્સ્વરાનંદ સરસ્વતીજી ધ્વારા ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની માંગણી કરવામાં આવી છે જેથી ગાયનું



સન્માન સમગ્ર દેશમાં વધે અને તેના મરણ સમયે તેની અંતિમ વિધિ પણ સન્માન અને રીતી રિવાજ સાથે કરવામાં આવે તેવા શુભ આશયથી ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની માંગણી કરતો પત્ર મુસ્લિમ યુવાન ધ્વારા લખી કોમી એકતાનુ ઉત્તમ ઉદાહરણ પૂરૂ પડયું છે.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### શાખપુરનાં સરપંચે નારાજગી વ્યકત કરી

## લાઠી પંથકમાં અનેક રેશનકાર્ડ રદ કરાતાં સાંસદને રજૂઆત કરાઈ

### ગરીબ પરિવારોને ન્યાય આપવા માંગ

અમરેલી, તા. ૨૧

લાઠીનાં શાખપુર ગામનાં સરપંચજયેશભાઈખુમાણેસાંસદભરત સુતરીયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાંજણાવેલછે કે, લાઠી તાલુકા મામલતદાર કચેરી પૂરવઠા શાખાનાં નાયબ મામલતદાર ધ્વારા સરકારનાંનિયમવિરૂધ્ધકોઈપણજમીન ધારણ ન હોય કે ટેકસ પણ ભરતા ન હોય તેવા લાઠી તાલુકાનાં અનેક ગરીબ પરિવારોને કોઈપણ જાણ કર્યા વગર કે નોટીસ આપ્યા વગર જયારે અરજદાર સસ્તાઅનાજનીદુકાનેઅનાજલેવાજાય ત્યારે ખ્યાલ આવે કે કાર્ડ રદ કરેલ છે. તો ખરેખર સરકારના નિયમ વિરૂધ્ધ રેશનકાર્ડ કેમ રદ કરવામાં આવ્યા તેનો અરજદારોને લેખિતમાં જવાબ મળવો જોઈએ. નાયબમામલતદારનાંપ્રમોશન સાથે બદલી થઈ હોય તો તેની સામે સંપૂર્ણપણેતપાસકરીબદલીકેપ્રમોશન કરવામાંઆવેતેવીસમગ્રઅરજદારોની માંગ છે. જયારે અરજદારની માહિતી મંગાવીત્યારેઅરજદારોનેમામલતદાર કચેરી ખાતે રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા. તોરેશનકાર્ડરદકરવામાંઆવ્યાતો કેમજાણકરવામાંઆવીનથીતેમઅંતમાં જણાવેલછે.

# અમરેલીની નેત્ર ચિકિત્સા આયુર્વેદિક હોસ્પિટલમાં ''સશકત યુવા અને ભગવદ્ ગીતા''ઉપર પરિસંવાદ યોજાયો









અમરેલી : રાજય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરિયા સંસ્થાપિત કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ-અમરેલી અને નેત્ર ચિકિત્સા આયુર્વેદ કોલેજના સંયુક્ત ઉપક્રમે આજરોજ 'સશક્ત યુવા અને ભગવદ્ ગીતા' પરિસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત ભગવાન ધનવંતરીની પ્રાર્થનાથી થઈ હતો. અધ્યાપક ભાઈ-બહેનોએ આગંતુકોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું જયારે . ડો. નિશા વેગડાએ શબ્દોથી સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નગર શ્રેષ્ઠી પી.પી. સોજીત્રા અને ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી કૌશિકભાઈ વેકરીયાના અંગત મદદનીશ ભાવેશભાઈ ભાલીયાએ ટ્રસ્ટનો પરિચય આપ્યો હતો. પી.પી. સોજીત્રા પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે અર્જુન દવેએ ખુબજ રસપ્રદ શૈલીમાં ગીતાના શ્લોકોનું પઠન કરી કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોને સમજણ આપી હતી. ઉપરાંત જીવનમાં ભગવદ્ ગીતાનુ મહત્વ સમજાવ્યું હતુ. તેમના વક્તવ્ય બાદ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. પ્રશ્નોતરી દરમ્યાન વિદ્યાર્થી ભાઈ-બહેનોના પ્રશ્નોના વક્તા ધ્વારા સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પણ ભાગવત ગીતાના શ્લોકોનું પઠન કર્યુ હતું. કાર્યક્રમ માટે સુંદર વ્યવસ્થા બદલ કોલેજના સી.ઈ.ઓ. ડો. અર્પણ જાની, પ્રિ. ડો. પ્રશાંત કૃષ્ણન અને તમામ કર્મચારીઓનો ટ્રસ્ટ વતી કાર્યક્રમના સંયોજક મનીષભાઈ સિધ્ધપુરાએ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કાર્યક્રમના સહસંયોજક પ્રા.જે.એમ.તળાવિયાએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. નિશા વેગડાએ કર્યુ હતું. કોલેજ તરફથી પ્રા.ડો. અશોકને ટ્રસ્ટનો અને આગંતુકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### એસપીની સુચનાથી એલસીબીનો સપાટો

# લીલીયાનાં પૂંજાપાદરની સીમમાં ૩ પરપ્રાંતિય ઈસમો વિદેશી દારૂની ૪૧૧ બોટલ સાથે ઝડપાયા

## કુલ રૂપિયા ૨,૮૪,૮૭૦નો મુદ્દામાલ કબ્જે કરાયો



અમરેલી, તા. ૨૧

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.ડી. ચાવડાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે લીલીયા તાલુકાના પુંજાપાદર–આંબા રોડ ઉપર આંબા રોડ તરીકે ઓળખાતી સીમમાં રેઈડ દરમિયાન જેતરા ઉર્ફે જેતુ ઈન્દ્રસીંહ ભુરીયા, સંજયભાઈ કુંવરસીંગ માવી તથા રાયસીંગ કિશનભાઈ બંડેડીયા નામના ત્રણ પરપ્રાંતિય ઈસમો ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ ૪૧૧ કિંમત રૂપિયા ૬૯,૮૭૦, મોબાઈલ ફોન નંગ–૩ કિંમત રૂપિયા૧૫,૦૦૦, ફોર વ્હીલ નંબર જી.જે.–૧૬ સીએસ–૧૧૭૮ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૮૪,૮૭૦ના મુદ્દામાલની હેરફેર કરતા પકડી પાડી અને પકડાયેલ આરોપીઓ તથા સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી પકડાયેલ આરોપીઓ તથા પકડાયેલ મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા લીલીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે

# જસદણ પંથકમાં મિલ્કત સંબંધી ગુન્હાઓ આચરતાં ઈસમની ''પાસા'' હેઠળ અટકાયત

## બાબરા પોલીસે જિલ્લા જેલ મહેસાણા ખાતે રહેવા મોકલી દીધો

અમરેલી, તા. ૨૧

બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એમ.આર. શેઠએ અમરેલી જિલ્લામાં મિલકત સબંધી ગુનાઓ આચરતો ઈસમ મહમદહુસેન હબિબભાઈ કટારીયા (રહે. જસદણ) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતું.

લોકોની માલ મિલકત જેના કારણે જોખમમાં મુકામ શકે તેવા ઈસમની સમાજ–વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજએ આ ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં અમરેલી પોલીસની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.ડી. ચાવડા તથા તેમની ટીમ દ્વારા મહમદહુસેન હબિબભાઈ કટારીયાને પાસા વોરંટની બજવણી કરી જિલ્લા જેલ, મહેસાણા ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

### માહિતી ખાતાએ તૈયાર કરેલી નવી આવૃત્તિનું કાગધામ મજાદરમાં વિમોચન

# કવિ કાગનાં જીવનદર્શન પર આધારિત પુસ્તક 'વાણી તો અમરત વદાં'નું મોરારીબાપુના હસ્તે પૂનઃ વિમોચન

## QR કોડ સ્કેન કરી કવિ કાગના કંઠે ગવાયેલી વિવિધ કૃતિઓ સાંભળી શકાશે



અમરેલી, તા. ૨૧

પ્રખ્યાત લોકસાહિત્યકાર પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગનાં જીવનદર્શન પર આધારિત પુસ્તક ' વાણી તો અમરત વદાં'નું ૨૩ વર્ષ બાદ અમરેલી જિલ્લાના કાગધામ મજાદર ખાતે સુપ્રસિદ્ધ કથાકાર મોરારી બાપુના હસ્તે પુનઃવિમોચન થયું હતું.

રાજયનાં માહિતી ખાતાએ તૈયાર કરેલી નવી આવૃત્તિનું કવિ કાગની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે 'કાગના ફળિયે કાગની વાતુ' કાર્યક્રમના ૨૫માં મણકા નિમિતે અમરેલી જિલ્લામાં આવેલા કાગધામ મજાદરમાં વિમોચન કરવામાં આવ્યુ હતુ.

આપુસ્તકનું વિમોચન મોરારીબાપુ સાથે શ્રી, વી.એસ. ગઢવી, પુસ્તકના સપાદકશ્રી, અંબાદાન રોહડીયા, ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ શ્રી. જયેશ દવે, શ્રી રામ ભાઈ જામંગની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું.

આ પુસ્તકની નવસંવર્ધિત આવૃત્તિના વિમોચન પ્રસંગે પૂર્વ માહિતી નિયામક શ્રી, વસંત ગઢવીએ પુસ્તકના પ્રકાશન પાછળની રસપ્રદ વાત જણાવી હતી. તેમણે કહ્યું કે, પુસ્તકનું પ્રથમવાર વિમોચન તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી, નરેન્દ્ર ભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. કવિ કાગની ૧૦૦મી જન્મ જયંતી ના અવસરે આ પુસ્તક સાથે એક ટપાલ ટિકિટ અને ડોક્યુમેન્ટરી ફિલ્મનું વિમોચન કરી અને કવિ કાગના સાહિત્ય અને કવિતાના પ્રદાનને 'કાવ્યાંજલિ' આપવામાં આવી હતી.

તેમણે ઉમેર્યુ કે, 'વાણી તો અમરત વદાં' ની પ્રતો ઉપલબ્ધ ન હોવાથી અને તેને અત્યાધુનિક ટેકનોલોજી સાથે જોડી અને નવ સંવર્ધિત સંસ્કરણ રજૂ કરવાના હેતુથી પુનઃ વિમોચન કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં જાણીતા લેખક અને હાસ્ય કલાકાર શ્રી શાહબુદ્દીન રાઠોડ, જાણીતા કવિ અને નિવૃત્ત સનદી અધિકારી શ્રી, ભાગ્યશ જહા, શ્રી. વી.એસ.ગઢવી, શ્રી, લક્ષ્મણ પિંગળશી ગઢવી સહિતના સમર્થ લેખકો દ્વારા લખાયેલા ૪૩ ચેપ્ટરો કાગસાહિત્ય પ્રેમીઓ માટે ઉપયોગી પુરવાર થશે.આ પુસ્તકના પુનઃ વિમોચન બદલ મોરારીબાપુ એ અંતઃ કરણથી પ્રસન્નતા વ્યક કરી હતી. જયારે શ્રી, વી.એસ ગઢવીએ માહિતી કમિશનર શ્રી, કે.એલ. બચાણી અને માહિતી ખાતાનો આભાર વ્યક કર્યો હતો.

આ પ્રસંગે ચારણ સંસ્કૃતિનું દર્શન કરાવતા અંક 'ચારણ સંસ્કૃતિ' નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કચ્છથી પધારેલા પ્રોફેસર, રમજાન એ કાગ વાણી અને સાહિત્યનું રસપાન કરાવ્યું હતું.

ગુજરાતી લોકસાહિત્યમાં શિરમોર કવિ કાગની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે તેમના વતન મજાદર(કાગધામ) ખાતે કવિ કાગના જીવનદર્શન ઉપરાંત કાગવાણીના ભક્તિ, શૌર્ય તથા બીજા અનેક વૈવિપ્રયસભર અમર કાવ્યોને યાદ કરી કવિકાગને શ્રધ્ધાસુમન અર્પણ કરવાના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે.

આ નવસંસ્કરિત પુસ્તકમાં જૂના લેખોની સાથે નવા કેટલાક લેખોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં કવિ કાગના સમગ્ર કર્તૃત્વ અને જીવનદર્શનને પાંચ ખંડોમાં સમાવિષ્ટ કરાયા છે. જેમાં વ્યક્તિત્વ અને વાકય સંસ્કૃતિ અને સમાજ, પ્રાચીન અને અર્વાચીનનો સમન્વય, કાગવાણી વિશેષ પરિપ્રેક્ષ્યમાં અને કાગવાણીના બહુવિધ પરિમાણોનો સમાવેશ થાય છે. આ ગ્રંથને અદ્યતન ટેકનોલોજી સાથે સજ્જકરીને વધુ લોકસ્વીકૃત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગ્રંથમાં મુકાયેલ ચછ કોડ મોબાઈલની મદદથી સ્કેન કરવાથી કાગબાપુના કંઠે રજૂ થયેલ લોકરામાયણ, મહાભારત અને અન્ય કૃતિઓ આકાશવાણીના પ્રસંગો સાંભળી શકાશે.

કવિ કાગની કહેણીની શૈલી અને કંઠની ઋજુતાને જન જન સુધી પંહોચાડવાનો આ આવકારદાયક પ્રયાસ છે. કવિ શ્રી કાગ વિષયક સ્વાપ્રયાય લેખોને સમાવતો આ દળ દાર ગ્રંથ વાચકો, સાહિત્યકારો અને લોક કલાકારોને કવિ કાગ અને તેમણે સર્જલા સાહિત્યનો વિશેષ પરિચય આપશે અને અત્યંત ઉપયોગી બની રહેશે. આ પ્રસંગે જાણીતા સાહિત્યકારો, કવિઓનું' કાગ એવોર્ડ'થી સન્માન કરવામાં આવ્યું હતું. મજાદર ખાતે સતત ૨૫ વર્ષથી આ કાર્યક્રમ અવિરતપણે યોજવા બદલ શ્રી, વસંત ગઢવીએ મોરારીબાપુનો આભાર વ્યક કર્યો હતો.




જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦







WALK IN INTERVIEW

જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઈએ છે

GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL

B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.

SALARY : Rs. 40 / Hour (Starting) + EPF

TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM

MAHAJAN TELNET LLP.

E-mail : info@mahajantelnet.com Web : www.mahajantelnet.com

95 86 86 86 45















## બહારો મેરા જીવન ભી સવારો.. બહારો... કોઈ આયે કહી સે, યુ પુકારો
## રૂતુ હૈ જવાન, જવાન હૈ યે રાત.. મહરબાન છેડો કોઈ દાસ્તાન...

**પ્રકરણ .. ૨૭૨, - ૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો,**

આજ આપણે ફિલ્મી સફરમાં ૧૯૬૬ના વર્ષમાં આવી ગયા છીએ, ૧૯૬૬ માં હિન્દી સિનેમા માં એવા અભિનેતા આવ્યા, જે આગળ જતાં હિન્દી સિનેમા માં પ્રથમ સુપર સ્ટાર બનશે. જી.. હા.. હું વાત કરી રહ્યો છુ. રાજેશ ખન્ના ની... તેમનો ટૂંકો પરિચય આગળ જોશું. પણ રાજેશ ખન્નાની પ્રદર્શિત પ્રથમ ફિલ્મ જે એક નિર્દેશકની આગવી સોચ છે. તેની વાત પેહલા કરીશું. રાજેશ ખન્નાએ પ્રથમ ફિલ્મ કરાર બબ્ધ કરેલ તે રાઝ હતી. પણ ચેતન આનંદની ફિલ્મ આખરી ખત પ્રથમ પ્રદર્શિત થઈ હતી.



આખરી ખતએ ફિલ્મ ચેતન આનંદ હકીકત પેહલા બનાવવા માંગતા હતા. પણ તેઓ માટે હકીકત એક અલગ જ ફિલ્મ હતી. અને આખરી ખતએ તેમનો એવો પ્રયોગ હતો, જે તેઓ જાણતા હતા કે કદાચ સફળ રેહશે નહીં. આ ફિલ્મના નાયક રાજેશ ખન્ના આગળ જતાં સુપર સ્ટાર બન્યા અને આજે દર્શકો આ ફિલ્મને યાદ કરે છે. તે જો સફળના રહ્યા હોત તો, આ ચેતન આનદની ભાવનાત્મક અને સંવેદનશીલ ફિલ્મ હિન્દી સિનેમાની અસફળ ફિલ્મોના કાટમાળમાં દબાયેલી જોવા મળી શકે તેમ હતી. આ ફિલ્મને ઓસ્કારમાં પણ નોમિનેટ કરાઈ હતી. પણ કોઈ એવાર્ડ મળ્યો ના હતો. આ ફિલ્મનું બજેટ ખૂબ જ ઓછું રાખવામાં આવ્યું હતું. એક પંદર માસના બાળક પાસેથી કામ લેવું તે માત્રને માત્ર આવા મહાન નિર્દેશક જ કરી શકે તેમાં બે મત નથી. ચેતને માં. બંટીને જે માત્ર પંદર માસની બાળક હતો, તેને મુંબઈની સડકોમાં તેની મોજમાં છૂટો મૂકી દીધેલ હતો. અને તે બાળકની વાસ્તવિક ચેસ્ઠા આને ફિલ્મની કહાની ની સાથે શુટ કરેલ હતું. આ કામ ખુબજ કઠિન હતું. બાળક મુંબઈની સડકોમાં ખુલ્લે આમ ફરતું હતું અને ચેતન તેની પાછળ કેમેરો અને ટિમ લઈ શૂટિંગ કરતાં હતા. એક બાળક તેની માતાની શોધ કરવા તેના નિર્ધારિત વિસ્તારમાં એકલો ફરી રહ્યો છે. માત્ર પંદર માસનો બાળક માતાથી વિખૂટો પડી ગયો છે, પણ નાસીપાસ થતો નથી. તે આત્મ નિર્ભર બની તેનો ખોરાક, દૂધ અને સુવાની વ્યવસ્થા કરી લે છે. આજના મનુષ્ય નાની બાબતોમાં નાસીપાસ થઈ જાય છે, જયારે આ બાળક મુંબઈની સડકોમાં તેની માતા ની શોધ કરે છે. તેને દૂધ અને માતા બે શબ્દો જ બોલતા ફાવે છે. આ બાળકની એક ગોલાની લારી વાળા સિવાય કોઈ મદદ પણ કરતું નથી. તેકડવી વાસ્તવિકતા અહી ચેતને રજૂ કરી છે. સમાજ માં કોઈને કોઈની પડી નથી. કોઈ પ્રત્યે કે એક નાના બાળક પ્રત્યે પણ માનવ સહજ વ્યહવાર કે માનવતા પણ નથી. તે અહી ચિત્રિત કર્યુ છે.

ફિલ્મના ખૂબ જ સવેન્દંશીલ દ્રશ્યમાં, નાના બાળકને શું ખાવું કે શું ના ખાવું તે સ્વાભાવિક છે કે ખબરના જ પડે, તેમ અહી આ બાળક રસ્તા પર પડેલ ઘેનની ટીકડીઓ ખાઈ જાય છે, અને રમતા રમતા રેલ્વે ટ્રેક પર વચ્ચે સૂઈ જાય છે. અને આ બાળક પરથી ટ્રેન નીકળી જાય છે. આ દ્રશ્ય રૂવાડા ઊભા કરી આપે છે. અહી ફિલ્મ માં શ્વાન કે ઢોર જોવા મળતા નથી. જેથી આ બાળકને તેનો કોઈ ડર રહતો નથી. શ્વાનના ગલૂડિયાને આ બાળક આસાનીથી રમાડે છે. આજે તો એવી સ્તિથિ છે કે બાળક ને શેરીમાં એકલું રમવા મોકલી જ ના સકાય. નહીં તો શ્વાન કે ઢોરનો તે શિકાર બની શકે છે. આ ફિલ્મમાં પોલીસનું કાર્ય પ્રશંસનીય દેખાડયું છે. એક એવી મહિલા અને બાળક જેનો કોઈ ફોટો પણ ફરિયાદી પાસે નથી. છતા એક માનવતાની દ્રષ્ટિ એ પોલીસ તેને સહકાર આપે છે. આ વાત ફિલ્મમાં જ શકય છે તે આપણે સમજી લેવું જોઈએ.પણ તેમ છતા અહી પોલીસ નો સહકાર ઉલેખનીય છે. ફિલ્મમાંનો આ બાળકએ આગળ જતાં ફિલ્મ નિર્માતા બનશે તે શ્યામ બહેલનો બાળકમાં. બંટી છે. જે માત્ર ૧૫ મહિના નો છે. અને વાસ્તવિક અભિનય દ્વારા તે ફિલ્મમાં છવાઈ જાય છે. શ્યામ એ ચેતનના પિતરાઈ ભાઈ છે. આ માં બંટી આગળ જતાં ઘણી ફિલ્મોમાં જોવા મળશે.અને યુવાન થયા બાદ રવિ બહેલના નામથી હિન્દી સિનેમામાં આવશે. ત્યારે તેની વાત કરીશું.આ ફિલ્મ આખરી ખત માટે ચેતન પેહલા ભુપેન્દ્રને હીરો બનાવવા માંગતા હતા. ત્યારબાદ સંજય ખાનને આ રોલ બાબત જાણ કરવામાં આવી. આ બન્ને કલાકારોને ચેતને તેમની ફિલ્મ હકીકતમાં સ્થાન આપી હિન્દી સિનેમામાં પ્રવેશ કરાવ્યો હતો. સંજયે આ ફિલ્મમાં હીરોનું ખાસ કોઈ કામ નથી તેમ કહી ફિલ્મ કરવાની ના કહી. તે સમયે રાજેશ ખન્ના ફિલ્મ ફેર દ્વારા આયોજિત નવા કલાકારોની પ્રતિભા હરીફાઈમાં પ્રથમ નંબરે આવ્યા હતા. અને જી.પી.સિપ્પી સહિત નિર્માતાએ તેમને ફિલ્મ આપી હતી. અને ચેતન સાથે પણ સંપર્ક માં હતા. તો આ ફિલ્મ તેમને ફાળે રહી હતી. પણ આખરી ખત માં હીરો એક બાળક એટલે કે માં, બંટી છે. અને નિર્દેશક ચેતન આનંદ જ છવાયેલા રહે છે. આ ફિલ્મની કથા, નિર્દેશક, નિર્માતા, ચેતન આનંદ છે. જાલ મિસ્ત્રિની સિનેમા ઓટો ગ્રાફી, કેફી આઝમીના ગીતો અને ખૈયામના સંગીત સાથે, રફી સાહેબ, લતાજી અને ભુપેન્દ્રના કંઠના ગીતો સાથે આ ફિલ્મમાં રાજેશ ખન્ના. ઈંદ્રાણી મુખર્જી. માં બંટી, મોહન ચોટી, માનવેન્દ્ર ચિટનીસ, અને નાના પલસિકરે કામ કર્યુ હતું. આ ફિલ્મની કથા કરતાં આ હિન્દી સિનેમામાં આવેલ પ્રથમ આવિષ્કારને નિહાળો તે જ વિનંતી છે. આ ફિલ્મનું ગીત બહારો મેરા જીવન .. આજે પણ યાદગાર સંગીતની યાદીમાં છે. ભૂપેન્દ્રએ અહી એક ગીતને સ્વર અને અભિનય પણ આપેલ છે. આ ફિલ્મ સફળ રહી ના હતી. આ ફિલ્મ બ્લેક એન્ડ વ્હાઈટમાં છે. હવે વાત કરીયે ભાવિ સુપર સ્ટાર રાજેશ ખન્ના.... વિષે.....

### ફિલ્મી સફર (એક ઈતિહાસ)
**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**




રાજેશ ખન્ના એટલે કે જતિન ખન્નાનો જન્મ ૨૯/૧૨/૧૯૪૨માં અમૃતસરમાં થયો હતો. તેઓ હિન્દુ ખત્રિ હતા. તેના જન્મ દાતા માતા-પિતા અને પાલક માતા-પિતા પણ હતા. જન્મ આપનાર પિતાનું નામ લાલા હીરા નંદ ખન્ના અને માતાનું નામ ચંદ્રાની હતું. તેના પિતા પાકિસ્તાનથી આવી અમૃતસરમાં રેહવા આવ્યા હતા. તે હાઈ સ્કૂલમાં શિક્ષક હતા. જતિનને તેના કાકાએ દતક લીધેલ હતા. તેના પાલક-પિતાનું નામ ચુનની લાલ અને માતાનું નામ લીલાવતી હતું. તેઓ અમૃતસરથી મુંબઈ આવી વસ્યા હતા. તેઓ રેલ્વેના ઠેકેદાર હતા. આમ જતિન જન્મથી જ અમીર પરિવારના હતા.જતીન સેંટ સેબેસ્ટિન સ્કૂલમાં અભ્યાસ કરતાં હતા. તેના સ્કૂલ અને કોલેજના મિત્ર રવિ કપૂર એટલે કે જીતેન્દ્ર હતા. રવિ અને જતિનને નાટકોમાં ભાગ લેવાનું પસંદ હતું. તેઓએ ૧૯૬૨માં અંધા યુગ નાટકમાં કામ કર્યુ અને તેમણે અભિનય ક્ષેત્રે આગળ વધવા નિર્ણય કર્યો હતો. જતિન ૧૯૫૯ થી ૧૯૬૧ સુધી પુણે ફિલ્મ નિર્માણ સંસ્થામાં અભિનયની તાલીમ લીધી હતી. તેઓ તે સમયે પોતાની કાર રાખતા હતા. તેટલા ધનવાન પરિવારથી જોડાયેલા હતા. રવિકપૂર જીતેન્દ્ર નામ સાથે જતિન પેહલા હિન્દી સિનેમામાં આવી ગયા હતા. ફિલ્મ ફેર દ્વારા આયોજિત યુનાઈટેડ પ્રોડયુસર સંસ્થા દ્વારા નવા કલાકારોની ખોજ અને ક્ષમતા માટે એક પ્રતિયોગિતા કરવામાં આવતી હતી. ૧૯૬૫માં જતિન આ સ્પર્ધામાં ૧૦ હજાર સ્પર્ધકોમાં પ્રથમ નંબરે આવ્યા હતા. સુભાષ ઘાઈ બીજા અને ધીરજ કુમાર ત્રીજા નંબર પર રહ્યા હતા. આ ઉપરાંત આ સ્પર્ધામાં ફરિદા જલાલ અને વિનોદ મેહરા પણ હતા. આ સ્પર્ધા જીત્યા બાદ જતિનને બી.આર.ચોપરા, નાસિર હુસેન, જે ઓમ પ્રકાશ, ચેતન આનંદ જેવા નામાંકિત સાથે સંબંધો બંધાયા હતા. જતિનને જી.પી.સિપ્પીએ સૌ પ્રથમ રાઝ ફિલ્મ માટે કરાર બધ્ધ કર્યા હતા. પણ ચેતનની ફિલ્મ આખરી ખત ૧૯૬૬માં પ્રદર્શિત થઈ અને તેમની પ્રથમ ફિલ્મ બની હતી. રાજેશની સફળતા બાદ આ બાબતે પણ વિવાદ રહ્યો હતો. જતિનને તેના કાકા કે કે તલવારે જતિનમાથી ફિલ્મી નામ રાજેશ આપ્યું હતું. તેમને તેમના પરિચિતો કાકા પણ કેહતા હતા. પંજાબી માં કાકા એટલે નિખાલશ ચેહરા વાળો માનવી એવું થાય છે, રાજેશની સફળતા બાદ આજે પણ ભારતની જનતા તેમને કાકાથી વધુ ઓળખે છે.

રાજેશને પેહલા સફળતાના મળી. પ્રથમ ફિલ્મ આખરી ખતમાં તેના કરતાં બાળ કલાકાર માં. બંટીનો રોલ પાવર ફૂલ હતો. અને નિર્દેશક અને બાળ કલાકારથી જ આ ફિલ્મ ઓસ્કાર સુધી પહોચી હતી.રાજેશને તેની પ્રથમ ફિલ્મમાં દર્શકોએ પસંદ કર્યા ના હતા. રાજેશે અમુક રોમાન્સના દ્રશ્યો અને ભાવનાત્મક દ્રશ્યોમાં બાઝી મારી હતી. અને વિવેચકો અને દર્શકો ને આ દ્રશ્યોમાં રાજેશ થોડા ઘણા અંશે પસંદ પડયા હતા. રાજેશને પેહલી સફળતા ૧૯૬૭ની ફિલ્મ બહારો કે સપનેથી મળી હતી. પણ ૧૯૬૯ની શક્તિ સામંતની ફિલ્મ આરાધનાની સફળતા બાદ ૧૯૬૯થી ૧૯૭૧ના ત્રણ વર્ષમાં તેમણે સતત ૧૫ સુપર હિટ ફિલ્મો આપી એક રેકોર્ડ બનાવ્યો હતો. જે આજે પણ હિન્દી સિનેમામાં સ્થાયી રૂપે છે. આટલી મોટી સફળતાઆજ સુધી કોઈ કલાકારને મળી ના હતી. રાજેશ કહે છે કે, તેઓએ તેના અભિનયમાં દિલિપ કુમારની સવેદનાઓ, રાજ કપૂરની સહાજકતા અને દેવ આનંદની રોમાન્સ ઈમેજ અને અદાને અનુસરી હતી. તેઓ ગુરૂ દત, ઉતમ કુમાર, મીના કુમારીને આદર્શ માનતા હતા. તેમની કારકિર્દીમાં ઘણા ચડાવ - ઉતાર જોવા મળ્યા હતા. તેઓએ ૧૮૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યુ હતું. ૧૭ વાર તેમણે ડબલ રોલ પણ કરેલ છે. તેમના અંગત જીવન, કારકિર્દીના ચડાવ ઉતાર અને અન્ય વાતો આગામી અંકમાં કરીશું. અને યાદગાર ગીત સાથેની ફિલ્મ વિષે પણ જાણીશું. **આભાર....**

---

# ''આપણી સમસ્યાનો ઉકેલ શક્ય છે''

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

જેનું સ્વરૂપ સચ્ચિદાનંદ છે. જે જીવોનાં ત્રણેય પ્રકારનાં દુઃખનો નાશ કરવાવાળા છે એવા શ્રીકૃષ્ણને પ્રણામ. (ભાગવત-૧)

વતમાન સમય જગત માટે ખુબ દુઃખદાયક પસાર થઈ રહ્યો છે. યુક્રેન રશિયા વચ્ચેની લડાઈ પુરી થવાનું નામ નથી લેતી. જગતના ડાહયા માણસો આ નાટક - જે લોહિયાણ બન્યું છે તે જોઈ રહ્યા છે. અમેરિકા-ઈરાન-ઈઝરાયેલ દેશો વચ્ચેનો સંઘર્ષ વધતો જાય છે. આઘાતજનક સ્થિતિમાં માણસો જીવી રહયા છે આપણે ત્યાં આપઘાતના બનાવો વધતા જાય છે. નિરાશાનાં અંધકાર વચ્ચે જયોત જગાવવા સૌએ પ્રયત્ન કરવાનો છે ઘણા વરસો પહેલાં 'એલેક્સ લોઈડનું પુસ્તક ધ દિબિંગ કોડ' વાંચ્યું હતું. અરસ પરસના સંબધોમાં સમસ્યાઓના ઉકેલ માટે કેટલીક મુળભુત વાતો જણાવી હતી. લેખક પોતે ડોકટર- કેન્સરના સ્પેશ્યાલિસ્ટ તથા કુદરતી ઉપચારના પણ જાણકાર છે. તેથી હીલીગ કોડ'નો પ્રયોગ દસેક વ્યકિત પોતે જાતે કરીને સમસ્યા મૂકત થઈ શકે છે. તેમજ ડીપ્રેસન અને અન્ય માનસિક રોગો પણ દૂર કરવાની ઘણી ટેકનિકસ લખી છે : જીવનનું પરિવર્તન, ઉપચાર દ્વારા જિંદગી ખુશીથી જીવી રાજય છે. સમસ્યાઓ, પ્રશ્નોથી ભરપુર આપણું જીવન છે. શાંતિ, સંતોષ અને આનંદ માટે શું કરી શકાય ? તેવો વિચાર આપણને સૌને આવતો હોય છે. દર્દ, નિરાશા, દુઃખથી લોકો વિશેષ વિચારી શકતા નથી માનસિક બિમારી શરૂ થાય છે જે પછી શારિરીક બિમારી પરિવર્તન પામે છે. આવો એક બિમાર માણસ દવા લઈને થાકે છે પોતાને ગંભીર બીમારી સમજીને ડોકટર દવા બદલાવે છે પણ સાચું થતું નથી. એક ડોક્ટર અક વ્યકિતના રોગને સમજી લીધો કહયુ તમને જે રોગ છે તેના માટે એક નવી દવાની શોધ થઈ છે તેથી હવે ચિંતા કરવાની જરૂર નથી. આ દવા અકસીર છે. અને ખુબ સારા રીઝલ્ટ મળ્યા છે. આ ટેબલેટ સવાર - સાંજ લેજો પાંચ દિવસ પછી પેલા ભાઈ ડોકટર પાસે આવ્યા ડોક્ટરે કહયું કે તમને બિલકુલ સારૂં છે. દવાઓ સરસ અકસીર અસર કરી છે અને તે ભાઈ સાજા થઈ ગયા. હકીકતમાં આ ટેબલેટમાં કશુંય દવાનું તત્વ ન હતુ અને ટેબલેટ લેવાથી સારૂ પરિણામ મળ્યુ કેમ મળ્યુ શું થયું માનસિક અસરથી પરિણામ મળ્યું. આ મનની અસરને પ્લેસીબો ઈફેકટ' કહેવામાં આવે છે. કોઈ કહે કે આની શું સાબિતિ ?મેડીકલ સાયન્સે આ વાત સ્વીકારી છે કે, મન ઉપર હકારાત્મક અસરો શરીર ઉપર ભાગ ભજવે છે. પુસ્તકના ૨૭૫ પાનામાં આવી વિવિધ વાતો દ્વારા પ્રયોગો દ્વારા 'ધ હિલીંગ કોડ' દરેક ઉપયોગ કરી સ્વસ્થ રહી શકે છે. તેમ જણાવ્યું છે. આ પ્રયોગો વાંચતા મને લાગ્યું કે આપણા ધર્મગ્રંથોમાં તથા આયુર્વેદના શસ્ત્રોમાં પણ આ હિંલીગ કોડ આપ્યો છે. ભલે શબ્દો જુદા હોય પણ બજોનું રહસ્ય બજોનુ લક્ષ્ય એક જ છે ઘણા દર્દીઓ ડોકટર પ્રત્યે શ્રધ્ધા ધરાવતા હોય તે તુર્તજ સાજા થઈ જાય છે. ઘણા માણસો યજ્ઞ, પાઠ, પૂજા અને મંદીરે જઈ ખરા હદયથી પ્રાર્થના કરવાથી સાજા થઈ જાય છે મનોબળ મજબુત બને છે. દેશી દવા, કુદરતી ઉપચારો વગેરે પ્રધ્ધતિમાં વિાસ હોય અને તે સારવારથી પણ સાજા થઈ જાય છે ડોક્ટરોનું કહેવું એ છે કે કોઈ પણ રોગ સામે રોગ પ્રતિકારક શકિતએ જ ક્રમ કરવાનું છે અને રોગ પ્રતિકાર શકિતને વધારવા સ્વસ્થ મન, પોઝીટોવ મન જરૂરી છે. સ્ટ્રેસથી કોષોને બલ્ડ સપ્લાય ઓછું થાય છે તેથી સ્ટ્રેસ વગરનું મન આનંદિત હોય તો શરીરનાં દોષોને વધુ લોહી મળતા પ્રતિકારક શકિત વધે છે. પ્રેમથી પ્રભુ ઉપર વિશ્વાસ નિકટનાં સારા સંબંધોથી પ્રેમ, આનંદ, અને શાંતિ મળશે. આરોગ્ય અને પ્રતિકાર શકિતમાં વધારો થશે. તણાવ દુર થવાથી એક નવી ઉર્જા, પ્રતિકાર શકિતને રક્ષણ મળે છે આપણા જીવનની સૌથી સુખમય, આનંદ પડે પ્રેમાળ સ્મૃતિઓ વિચારશો તો તમને ગમશે. જે રીતે સારા વિચારો, સારી બાબતો, ઘટનાઓ બનાવો યાદ કરો છો. ત્યારે પ્રેમનાં આનંદનાં કંપનો આખા શરીરમાં વહન થાય છે. આ પ્રકારની હકારાત્મક સ્મૃતિઓ નુકસાન પામેલા ડીએનએ પર હિલીગ કરે છે. જે રીતે આપણી પ્રેમની સ્મૃતિઓ હીલીંગ ફ્રિકવન્સીનું સંપુર્ણ શરીરમાં વહન કરે છે તે જ રીતે પીડાદાયક અને ખોટા, નબળા વિચારો બીમારી અને રોગ કારણભૂત ફ્રિકવન્સીનું વહન કરે છે. જે વર્તમાન પરિસ્થિતિ ભયજનક ન હોવા છતાં તેને ભયજનક રીતે પરાવર્તિત કરે છે. આપણા શરીરને તણાવગ્રસ્ત રાખે છે. આપણું અચેત મન આ ખોટી ખરાબ સ્મૃતિઓ ઉપર આપણી જાણ બહાર આપણી શારિરીક પ્રક્રીયા પર નુકશાનકારક અસર પાડે છે. સમસ્યાના મૂળનું હિલીંગ કરવાની ચાવી આપણા હાથમાં છે. ક્ષમા આપવી, ખરાબ અનુભવો ઘટનામાંથી દુર રહેવું લાગણી - પ્રેમને સમાધાન તરફ લઈ જવી અને પરિસ્થિતિને સારી કરવા બાંધછોડ, જતું કરવું વગેરે માટે નક્કી કરવા પ્રાર્થનાનો ઉપયોગ કરવો. (એલેક્સ લોઈડનું પુસ્તક હિલીંગ કોડના આધારે આ લેખ લખવાની પ્રેમ મળી છે. (અપૂર્ણ)

---

# 'સમજણ એ જ નારાયણ'

## 'જો શકય હોય તો થોડી ક્ષણોને સંભાળો, સમય કહે છે, વીતેલા વખતનો સરવાળો.''
– હરિન્દ્ર દવે



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

આપણે ત્યાં સમય ઉપર ઘણું ઘણું લખાણું બોલાયું, સંભળાયું, વંચાયું, અનુભવાયું છે, સમય સૌથી બળવાન છે 'સમય પારખે એ વિધ્વાન' 'સમયથી વધારે મૂલ્યવાન કશું જ નથી,' 'સમય કોઈનો સગો થતો નથી' 'સમય ગુમાવ્યો તેણે સઘળું ગુમાવ્યુ' આ વાકયો વ્યવહાર જગતમાં અવારનવાર સાંભળવા મળતાં હોય છે, આપણને સૌને અનુભવ છે, ખબર જ છે, કે આ વાકયોમાં સંપુર્ણ સત્ય સમાયેલું છે ! સમય ક્ષણોનો બનેલો છે, જો ક્ષણોને સાચવી લેવામાં આવશે, તો સદીઓ અને યુગો તો આપોઆપ જ સંચવાઈ જશે. જીવનમાં જે ક્ષણો ગફલતની હોય છે, એ જ પતનની હોય છે ! જેનો તાજેતરનો દાખલો જ લઈએ તો ટી-ટવેન્ટી વર્લ્ડ કપની સુપર એઈટ સુધીની સ્પર્ધામાં જ જોવા મળી ગયો ! ક્રિકેટ જગતમાં છેલ્લા ત્રણ દાયકા ઉપરથી જેમનું લગભગ એકચક્રી શાસન હતું. એવી ઓસ્ટ્રેલીયાની મજબુત પ્રોફેશનલ ટીમ કે જેની કોઈપણ મોટી ટુર્નામેન્ટ હોય ત્યારે સેમી ફાઈનલની ચાર ટીમોનો અંદાજ અગાઉથી કરવાનો થાય, ત્યારે આ ટીમનું તો પ્રથમ જ નામ લેવું પડે, ફાઈનલ વખતે તો સૌથી ઘાતક બની જતી આ સર્વશ્રેષ્ઠ ટીમ ઝીમ્બાબ્વે જેવી ટીમ સામે હારી જઈને સુપર ૮માં પણ પ્રવેશી ન શકે ! તો વળી ઝીમ્બાબ્વે, ઓસ્ટ્રેલીયા અને શ્રીલંકાને હરાવી પોતાનાં ગ્રુપમાં પ્રથમ નંબર ઉપર ટોચ ઉપર રહે એ શું સાબીત કરે છે ? કે ઝીમ્બાબ્વેની આ ટીમે આ ટુર્નામેન્ટની આ સ્ટેજ સુધીની ક્ષણોને સાર્થક કરી બતાવી છે, તેથી તેણે આ સોનેરી સમય જોયો છે.

વાત ક્રિકેટની હોય કે પછી જીવનની પણ નિયમો તો એક સરખા જ લાગુ પડતાં હોય છે ! જયારે આપણે આપણને મળેલા સમયનો યોગ્ય અને સંપુર્ણ ઉપયોગ કરીએ કે નથી કરી લેતાં, ત્યારે જ આપણાં પ્રારબ્ધ ઘડાવાના શરૂ થઈ જતાં હોય છે ! સૌને ચોવીસ કલાક જ મળે છે, તેમાંથી જ કોઈક ટોચે પહોંચે છે, અને કોઈક તળીયે જેમાંથી ઊંચે ઊઠવું છે એ સાધના શોધી લેશે, અને જેમને બધે કોઈ વિચાર નથી એ બહાનાં ! જીવનરૂપી ગ્લાસ અડધો ભરેલો છે, તેને પુરો ભરવો, અડધો ભરેલો, સમજવો કે, અડધો ખાલી સમજવો કે સાવ ખાલી કરવો એ દરેકની પોતાના હાથની વાત છે.

સ્પાર્ક :

**''ફકત મસ્તિસ્ક વડે ચાલતાં મનુષ્યોને**
**નદી મળે તો અરથ ના મળ્યાં પ્રવાહોનાં.''**
**– રમેશ પારેખ**

---

# ઉનામાં ''સ્વદેશી અપનાવો-વોકલ ટુ લોકલ''અંતર્ગત શોપિંગ મેળો યોજાયો



તસ્વીર : ધર્મેશ જેઠવા -ઉના

ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેરમાં 'સ્વદેશી અપનાવો-વોકલ ટુ લોકલ' અભિયાનને વેગ આપવા ઉના સ્વદેશી મેળો શોપિંગ ફેસ્ટીવલ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશીના સંદેશ સાથે યોજાયેલ આ મેળો 'શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫' અંતર્ગત ઉના નગરપાલિકા ધ્વારા આયોજિત થયો છે. મેળામાં સ્થાનિક ઉદ્યોગકારો, કારીગરો અને સ્વસહાય જૂથોને પોતાનાં ઉત્પાદનો પ્રદર્શિત અને વેચાણ કરવાની અનોખી તક મળી છે. હસ્તકલા, પરંપરાગત વસ્ત્રો, ઘર ઉપયોગી સામગ્રી, ખાદ્યપદાર્થો, આયુર્વેદિક ઉત્પાદનો સહિત અનેક પ્રકારની સ્વદેશી વસ્તુઓ એક જ સ્થળે ઉપલબ્ધ થતાં નાગરિકોમાં ખાસ્સો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને મહિલાઓ અને યુવાનોમાં સ્થાનિક બ્રાન્ડસ પ્રત્યે વધતી જાગૃતિ આ મેળામાં સ્પષ્ટ દેખાઈ રહી છે. મેળાનો મુખ્ય હેતુ સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો, નાના વેપારીઓ અને કારીગરોને બજાર મળતું કરવાનું અને સ્વદેશી વપરાશ અંગે જનજાગૃતિ ફેલાવવાનો છે. આ પ્રકારના આયોજનથી સ્થાનિક અર્થતંત્રને મજબૂતી મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. શહેરના નાગરિકો મોટી સંખ્યામાં મેળાની મુલાકાત લઈ ખરીદી કરી રહ્યા છે, જેના કારણે વેપારીઓમાં ખુશીનો માહોલ છે. કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે ચીફ ઓફિસર જયદેવ ચૌહાણ, નગરપાલિકા સદસ્ય અને કાળુભાઈ રાઠોડના પુત્ર વિજયભાઈ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, જિલ્લા ભાજપ અગ્રણી રાજુભાઈ ડાભી, ચંદ્રેશભાઈ જોશી, હરેશભાઈ દવે સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ સ્વદેશી ઉત્પાદનોના સ્ટોલની મુલાકાત લઈ કારીગરોને પ્રોત્સાહન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઉનામાં યોજાયેલ આ સ્વદેશી મેળો 'વોકલ ટુ લોકલ' વિચારધારાને મજબૂત બનાવતો મહત્વપૂર્ણ પ્રયાસ સાબિત થઈ રહ્યો છે અને સ્થાનિક વેપાર-ઉદ્યોગને નવી દિશા આપી રહ્યો છે.

# ભાજપા પ્રદેશ કાર્યાલય 'કમલમ્' ખાતે ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનનું કાર્યકર્તાઓ દ્વારા સ્વાગત












ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનજી આજે ભાજપા પ્રદેશ કાર્યાલય 'કમલમ', કોબા ગાંધીનગર ખાતે પધાર્યા હતાં જયાં તેઓના આગમન પર ભાજપા કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક ભવ્ય સ્વાગત કર્યું હતું, વંદે માતરમ , ભારત માતા કી જય, જય શ્રી રામના નાદ તેમજ પરંપરાગત નૃત્યો અને ઢોલના તાલથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયું હતું. નીતિન નવીનજીએ પ્રદેશ કાર્યાલયના પ્રાંગણમાં સ્થિત ભારત માતા, ડો. શ્યામાપ્રસાદ મુખર્જી તેમજ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કાર્યાલય ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની છબીની એક સુંદર રંગોળી પણ તૈયાર કરવામાં આવી હતી.

ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની અધ્યક્ષતામાં પ્રદેશ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપાના પદાધિકારીઓ, સિનિયર આગેવાનઓ, પ્રદેશ કારોબારી સભ્યઓ અને જિલ્લા–મહાનગરના પ્રમુખ તથા મહામંત્રીઓની સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી. આ બેઠક ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષજી, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની સહ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ સંગઠનાત્મક બેઠકમાં ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનએ તેમના અધ્યક્ષીય સંબોધનમાં ગુજરાતની પવિત્ર ભૂમિને વંદન કરતાં જણાવ્યું હતુ કે, ગુજરાતે હંમેશા રચનાત્મક અને સંગઠનાત્મક દ્રષ્ટિએ દેશને દિશાદર્શન પૂરૂં પાડયું છે. વરિષ્ઠ કાર્યકર્તાઓના સંઘર્ષ, પુરૂષાર્થ અને ત્યાગના કારણે જ ભાજપા આજે વિશાળ વટવૃક્ષ બની શકી છે. ગુજરાત ભાજપાની કાર્યપ્રણાલી, અનુશાસન અને ટાઈમ મેનેજમેન્ટ દેશભરમાં ઉદાહરણરૂપ છે. મિનિમમ ઈનપુટ અને મેકિસમમ આઉટપુટ વર્ષોથી ગુજરાત સંગઠનની ઓળખ રહ્યું છે. કાર્યકર્તા ભાજપાનો પ્રાણ છે, આત્મા છે. નીતિન નવીનએ જણાવ્યું હતું કે, ગુજરાતની દરેક ચૂંટણીનું પરિણામ દેશને સંદેશ આપે છે, તેથી રાજયએ વધુ મજબૂતાઈ અને મક્કમતાથી ઉભું રહેવું જરૂરી છે. કેરળ અને બંગાળમાં ભાજપા કાર્યકર્તાઓ કઠિન પરિસ્થિતિમાં પણ લોક કલ્યાણ, રાષ્ટ્રવાદ અને રાષ્ટ્ર નિર્માણની વાત લઈને ભાજપાને મજબૂત કરવા અવિરત કાર્ય કરી રહ્યા હોવાનું જણાવતા તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ તેમને સતત પ્રેરણા આપી રહ્યું છે. કાર્યકર્તાએ કયારેય સંતુષ્ટ ન થવું જોઈએ, હંમેશા કોઈ નવતર લક્ષ્ય સાથે કાર્યરત રહેવું જોઈએ. સંગઠન પદાધિકારીઓને તેમણે કહ્યું કે, ભાજપા માત્ર પાર્ટી નહીં, પરંતુ પરિવાર છે. સમાજમાં પાર્ટીનું પ્રતિબિંબ વાણી, વર્તન અને વ્યવહારમાંથી જ દેખાય છે. અને તેના કારણે જ જનતાનું સમર્થન ભાજપા સાથે છે. અંતમાં તેમણે જણાવ્યું કે પદનો ભાર બાજુએ રાખીને સહયોગી તરીકે કાર્ય કરવાથી જ નિર્ધારિત લક્ષ્યો સિધ્ધ થાય છે. સાથે જ 'રાષ્ટ્ર પ્રથમ, દલ પછી અને વ્યક્તિ અંતિમ' ના ભાવ સાથે સતત કાર્યરત કરવાની હાકલ કરી વિવિધ મુદ્દે સંગઠનાત્મક માર્ગદર્શન આપ્યું હતું. સોશિયલ મીડિયામાં વિપક્ષના અપપ્રચાર અને ભ્રામકતા ફેલાવવા સામે સચોટ માહિતી અને સરકારની જનહિતની યોજનાઓ અસરકારક રીતે પહોંચાડવા માટે તમામ કાર્યકર્તાઓને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ તેઓના સંબોધનમાં નીતિન નવીનએ યુવાવસ્થાથી જ ભાજપા કાર્યકર્તા તરીકે શરૂ કરેલી તેઓની રાજકીય સફર દરમિયાન બિહાર પ્રદેશ યુવા મોરચા અધ્યક્ષ, રાષ્ટ્રીય યુવા મોરચામહામંત્રી, છત્તીસગઢ અને સિક્કિમના પ્રભારી, ધારાસભ્ય અને બિહાર સરકારમાં મંત્રી તરીકે નિભાવેલી જવાબદારીઓ અંગે જણાવી ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી માટે અભિનંદન પાઠવ્યા હતાં. તેઓએ ભાજપાના સંગઠન પર્વ અંતર્ગત જિલ્લા, મહાનગર, મંડલ, શક્તિ કેન્દ્ર અને બુથ સ્તરે અત્યાર સુધી સંપન્ન થયેલી સંગઠનાત્મક નિયુક્તિઓ અંગે નીતિન નવીનને જાણકારી આપી હતી. તેઓએ કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીએ લોકસભામાં માત્ર ૨ સીટથી આજ સુધીની સફર જોઈ છે. તડકો કે છાયડો જોયા વગરમાં ભારતીને પરમ વૈભવના શિખરે બિરાજમાન કરવાના ધ્યેય સાથે ભાજપાના કાર્યકર્તાઓના સંઘર્ષ, બલિદાન અને ત્યાગના ફળ સ્વરૂપ ભાજપા આજની સ્થિતિમાં પહોંચ્યું છે. સામાન્ય પૃષ્ઠભૂમિમાથી આવતો કાર્યકર્તા પણ ભાજપમાં સર્વોચ્ચ સ્થાને પહોંચી શકે છે. ચા વેચતા સામાન્ય ગરીબ પરિવારમાં જન્મેલા નરેન્દ્રભાઈ મોદી આજે દેશના પ્રધાનમંત્રી છે તે તેનું મોટું ઉદાહરણ છે. આપણે ડો. શ્યામા પ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી, અટલજી, અડવાણીજી, નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહના નેતૃત્વ થકી આપણને જે વારસો મળ્યો છે તેને જાળવી રાખવો એ આપણું કર્તવ્ય છે. ભાજપાના સંઘર્ષપૂર્ણ ઈતિહાસથી આજ સુધીની સકસેસ સ્ટોરી એ મેનેજમેંટના વિદ્યાર્થીઓ માટે કેસ સ્ટડી છે. જે પાર્ટીનું પહેલા માત્ર કયાંક બૂથમાં જ વજૂદ હતું, માત્ર ૨ સીટ હતી તે આજે વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે. બુથનો પાયાનો કર્મઠ કાર્યકર્તા આપણી ઓળખ છે. જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી હંમેશાથી સર્વ સમાજને સાથે રાખીને ચાલે છે. ગરીબ, વંચિત, પછાત વર્ગોની ચિંતા કરવી એ ભાજપના કાર્યકર્તાનો ગુણધર્મ છે. તેઓએ જનસંપર્કને થકી કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓ અને કાર્યોને જનતા સુધી પહોંચાડવા હાકલ કરી હતી. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે બેઠકમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, કાર્યકર્તા જ ભાજપાનો પ્રાણવાયુ છે. લાખો કાર્યકર્તાઓની પરિશ્રમની પરાકાષ્ઠાના પરિણામે જ ભાજપા મજબૂત છે અને આ વિશાળ વટવૃક્ષ બન્યું છે. ભાજપાનો કાર્યકર્તા પરિશ્રમવાદનો પર્યાય છે. ભાજપામાં પદ કરતા પક્ષ અને વ્યક્તિ કરતા વિચાર મોટો છે. ભાજપા કાર્યકર્તાઓમાં દેશની સંસ્કૃતિ સાથે સંસ્કાર વણાયેલા છે. ભારતીય જનતા પાર્ટી યુવાઓની પાર્ટી છે જેમાં યુવાઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. તેઓએ સંકલન અને તાલમેલ સાથે જનતા વચ્ચે કાર્યરત રહેવા કાર્યકર્તાઓને આહ્વાન કર્યું હતું. આજની આ બેઠકમાં પ્રદેશ ભાજપા મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવેએ સ્વાગત પ્રવચન કર્યું હતું, પ્રદેશ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટે બેઠકનું સંચાલન કર્યું હતું. પ્રદેશ મહામંત્રીઓ અજયભાઈ બ્રહ્મભટ્ટ અને હિતેન્દ્રસિંહ ચૌહાણ પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં. અંતમાં પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌતમભાઈ ગેડીયાએ આભારવિધિ કરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીની કમાણી સાયન્સ કોલેજમાં

હાલમાં પૂરતી સંખ્યામાં માન્ય (APPROVER) સ્ટાફ ઉપલબ્ધ નથી

વધુમાં જણાવેલ છે કે, બી.આઈ.એ. કોર્સમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી વધારે છે પરંતુ તેની સામે પૂરતા પ્રમાણમાં પ્રોફેસરો નથી કોમ્પ્યુટર જેવા પ્રેકટીકલ વિષયમાં સ્થાપના અભાવે લેબ વર્ક અને થીયરી બંને પર માઠી અસર પડી રહી છે.

B C A (Microbiology ) & M.Sc. (Chemistry) વિષયોમાં નિષ્ણાંતની હાજરી અનિવાર્ય છે માન્ય સ્ટાફ ન હોવાને કારણે વિદ્યાર્થીઓને પ્રેકટીકલ માર્ગદર્શન મેળવવા મુશ્કેલી પડી રહી છે જે તેમના ભવિષ્ય અને કારકિર્દી માટે જોખમી છે.

યુનિવર્સિટીના નિયમો મુજબ વિદ્યાર્થી શિક્ષકોનો જે રેશિયો હોવો જોઈએ તેનો અહીં પાલન થતું નથી પરિણામે અભ્યાસક્રમ સમયસર પૂર્ણ થતો નથી અને શિક્ષણનું સ્તર જળ વાતું નથી

આ અગાઉ કોલેજના પ્રશાસકોને મૌખિક અવાર નવાર રજૂઆત કરી છે પરંતુ હજુ સુધી કોઈ સંતોષકારક ઉકેલ આવ્યો નથી.

યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ લાયકાત ધરાવતા સ્ટાફની નિમણૂક કરવા માટે કોલેજને જરૂરી આદેશ આપવા જેથી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં અને તેમને યોગ્ય શિક્ષણ મળી રહે તેમ અંતમાં જણાવેલ છે.

સંકુલ B.Sc.-M.Sc. કોલેજ
માઈક્રોબાયો - બાયોટેક - બાયોકેમ
સંકુલ B.A-M.A. કોલેજ
ઇંગ્લીશ - સાયકોલોજી - સોસીયોલોજી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
-Ad 178

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ગીરનાર શીંગ | ૧૪૨૦ | ૧૪૩૦ |
| ૨ | શિંગ મોટી | ૭૦૦ | ૧૪૨૫ |
| ૩ | શિંગદાણા | ૧૦૧૦ | ૧૭૦૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૩૪૦ | ૧૭૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૦ | ૨૦૨૦ |
| ૬ | તલ કાળા | ૧૪૯૦ | ૩૦૯૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૯૫૦ | ૨૦૦૫ |
| ૮ | બાજરો | ૪૬૫ | ૪૬૫ |
| ૯ | જુવાર | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૭૫ | ૫૯૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૭૫ | ૬૩૫ |
| ૧૨ | ચણા | ૮૧૦ | ૧૦૯૦ |
| ૧૩ | સફેદ ચણા | ૬૦૦ | ૯૯૫ |
| ૧૪ | તુવેર | ૭૫૦ | ૧૫૨૦ |
| ૧૫ | કપાસ | ૯૧૫ | ૧૬૧૫ |
| ૧૬ | એરંડા | ૧૧૩૦ | ૧૨૬૫ |
| ૧૭ | જીરૂ | ૧૯૦૦ | ૪૦૭૦ |
| ૧૮ | રાય | ૯૨૫ | ૧૨૨૦ |
| ૧૯ | ધાણા | ૧૪૯૫ | ૧૯૭૫ |
| ૨૦ | ધાણી | ૧૪૨૦ | ૨૪૦૦ |
| ૨૧ | સોયાબીન | ૮૨૦ | ૯૮૦ |
| ૨૨ | મરચા લાંબા | ૧૩૯૦ | ૬૪૯૦ |

## અમરેલી : આજે સાધુ સમાજની બેઠક યોજાશે

અમરેલી, તા. ૨૧

અમરેલીમાં સાધુ સમાજના પડતર પ્રશ્નોના નિવારણ અંગે તા. ૨૨/૨/૨૦૨૬ને રવિવારનાં રોજ નાગદેવતા મંદિર, રાજમહેલ કંપાઉન્ડ, પોલીસ સ્ટેશન પાસે અમરેલી બપોરના ૩ વાગયાથી રામાનંદી, અતિત અને માર્ગી વૈષ્ણવ સાધુ સમાજની બેઠક યોજાશે તો અમરેલી જીલ્લાના સાધુ સમાજને ઉપસ્થિત રહેવા માટે જાહેર આમંત્રણ નાગદેવતા મંદિર મહંત ધ્વારા પાઠવવામાં આવેલ છે. એમ મહેશગીરી ગોસ્વામીની યાદીમાં જણાવાયું છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીની સિવિલ હોસ્પિટલમાં

વસુલવામાં આવે છે. ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો પાસે આટલી રકમ ચુકવવાની ક્ષમતા નથી હોતી જેના કારણેઘણીવખતયોગ્યસારવારસમયસર મળતી નથી અને દર્દીઓ જીવ ગુમાવે છે. માનવ જીવનની કોઈ કિંમત ન હોવા જેવું વર્તન થઈ રહ્યું છે અને દર્દીઓ સાથે ઢોર સમાનવ્યવહારથતાંહોવાનુંઅવારનવાર સામે આવી રહ્યું છે. અગાઉ પણ આ હોસ્પિટલ સામે તબીબી બેદરકારીના બનાવોસામેઆવ્યાહોવાછતાંકોઈ કડક અનેદાખલારૂપ કાર્યવાહી કરવામાંઆવી નથી, જેના કારણેજવાબદાર લોકોબેફામ બન્યાહોવાનુંઅંતમાંજણાવ્યુંહતું.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૬૦ | ૧૩૫૧ |
| ૨ | ઘઉં | ૪૫૦ | ૪૭૧ |
| ૩ | ચણા | ૭૧૦ | ૧૦૪૦ |
| ૪ | તુવેર | ૧૦૦૫ | ૧૫૦૧ |
| ૫ | ધાણા | ૧૫૧૦ | ૧૭૧૭ |
| ૬ | શીંગ દાણા | ૧૩૯૦ | ૧૫૫૦ |
| ૭ | તલ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| ૮ | સોયાબીન | ૧૦૦૦ | ૧૦૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૧૧ | ૧૪૨૩ |
| ૩ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૧૫૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૫૦૦ |
| ૫ | જીરૂ | ૩૬૦૦ | ૪૪૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૨ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૬૨૬ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૦૮૪ |
| ૧૧ | દેશી ચણા | ૧૦૦૫ | ૧૧૬૦ |
| ૧૨ | તુવેર | ૧૩૧૦ | ૧૫૮૧ |
| ૧૩ | એરંડી | ૧૨૦૦ | ૧૨૪૨ |
| ૧૪ | રાય/રાયડો | ૯૫૦ | ૧૧૫૧ |
| ૧૫ | ધાણા | ૧૩૫૦ | ૨૩૩૦ |
| ૧૬ | સોયાબીન | ૯૦૦ | ૧૦૨૦ |

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર ઉપેન્દ્રભાઈ કે. બોરીસાગર બી.એ.એલ.એલ.બી. એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ) રહે, ખાંભા, તા.ખાંભા, જી. અમરેલી, તે આથી મારાં અસીલ શ્રી વિનુભાઈ ડાયાભાઈ બાલધા, રહે. પીઠવડી, તા. સાવરકુંડલા, જિ. અમરેલીવાળાની સ્પષ્ટ સુચના અનુસાર આ જાહેર નોટીસ આપી આથી જાહેર જનતાને જાણ કરવાની કે,

(૧) ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના મોજે ગામ : જીકીયાળીનાં સ.નં. ૮/૨ પૈકી ૧ ની હે.આરે.ચો. ૧–૫૪–૭૯ ની ખાતા નં. ૨૮૪ ઉપર નોંધાયેલ જમીન તથા સ.નં. ૮/૨ પૈકી ૨ની હે.આરે.ચો. ૧–૫૩–૭૮ ની ખાતા નં. ૨૮૮ ઉપર નોંધાયેલ ખેતીની જમીન મારા અસીલશ્રીએ તા. ૧૪/૦૩/૨૦૧૧ ના રોજ નોટરીશ્રી પંકજ પી. વ્યાસનાં રજી નં. ૨૪૮૫ ના રજીસ્ટરે બાનાખત નોંધાવી શ્રી વશરામભાઈ સવજીભાઈ સુખડીયા રહે. જીકીયાળી, તા. ખાંભા, જિ. અમરેલીવાળા પાસેથી ખરીદ કરી આ મિલ્કતનો કબ્જો–ભોગવટો મેળવેલ છે, અને મારા અસીલશ્રી આ મિલ્કતનો વિના રોકટોક જાહેરમાં કબ્જો ધરાવી આ જમીનોનો ઉપયોગ, ઉપભોગ અને ભોગવટો કરે છે. આ મિલ્કત જયારથી ખરીદી અને બાનાખત નોંધાવવામાં આવેલ ત્યારથી મારા અસીલશ્રી આ બાનાખતનું પાલન કરવામાં હંમેશા રાજીખુશી અને તૈયાર હતા, અને હાલમાં પણ છે. પરંતુ આ મિલ્કતનું રેકર્ડ વેચનારના નામનું હોય, તેનો ગેરલાભ લઈ તેઓ આ મિલ્કત ત્રાહિત વ્યકિતને વેચાણથી આપવાની તથા તેના ઉપર કરજ, બોજો કરવાની અને જામીનગીરી સ્વીકારવાની તજવીજ કરી રહ્યા છે, તેમનું તે કૃત્ય કાયદા વિરોધી હોય, મારા અસીલશ્રી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા જઈ રહ્યા છે, અને તેથી આ નોટિસ આપી મારા અસીલશ્રીને જાહેર જનતાને જાણ કરવાની ફરજ પડેલ છે કે,

ઉપરોકત વિગતવાળી મિલ્કત ઉપર તેના માલિકો સાથે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાએ કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહી, કારણ કે, બાનાખતની તારીખથી આ મિલ્કતનો કબ્જો–ભોગવટો અને અધિકાર મારા અસીશ્રી પાસે છે, અને આમ છતાં પણ કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થા આ જમીનો ઉપર કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો તે મારા અસીલશ્રીને કહેવાતો વ્યવહાર કબુલ, મંજુર કે બંધનકર્તા રહેશે નહી, અને આવો વ્યવહાર કરનાર વ્યકિતઓ સામે મારાં અસીલશ્રીને કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે, અને તેવાં પ્રસંગે મારાં અસીલશ્રીને થતાં તમામ પ્રકારનાં ખર્ચ અને પરિણામની સંપુર્ણ જવાબદારી વ્યવહાર કરવા વ્યકિત, પેઢી કે સંસ્થાની રહેશે, અને વ્યવહાર કરનાર શુધ્ધબુધ્ધનો વ્યહાર કરનાર ગણાશે નહી, જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.

સ્થળ: ખાંભા
તારીખ : ૨૧/૦૨/૨૦૨૬

::ઓફિસ::
''ઉપેન્દ્ર કે. બોરીસાગર''–એડવોકેટ
જાફરાબાદ રોડ, મુ.તા.ખાંભા, જી.અમરેલી.
૩૬૫૬૫૦

**ઉપેન્દ્ર કે. બોરીસાગર**
**એડવોકેટ–ખાંભા**
**મો.૯૨૯૦૫૦૫૦૯૦**

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૬ | ૧૪૪૦ |
| ૨ | તુવેર | ૧૪૭૫ | ૧૪૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૮૬ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૩૯ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૨૧ |
| ૪ | ચણા | ૭૫૫ | ૧૦૩૭ |
| ૫ | ધાણા | ૮૩૦ | ૧૬૩૫ |
| ૬ | ચણા સફેદ | ૯૬૦ | ૯૬૦ |
| ૭ | સોયાબીન | ૯૬૦ | ૯૬૦ |
| ૮ | મગફળી | ૧૦૪૫ | ૧૧૦૦ |
| ૯ | તુવેર | ૯૦૦ | ૧૪૨૦ |
| ૧૦ | રાયડો | ૮૫૦ | ૮૫૦ |
| ૧૧ | મકાઈ | ૪૬૦ | ૪૬૦ |
| ૧૨ | તલ | ૧૩૦૦ | ૧૮૨૦ |

## જાહેર નોટિસ

મોજે :– નવા ઉજળા, તા. વડિયા–કુંકાવાવ, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી.દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| નવા ઉજળા, તા. વડિયા–કુંકાવાવ જિ. અમરેલી | 440 | 156/3P3 | 1-40-63 | 7.86 | વિશાલ ગોવિંદભાઈ મારકણા |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અમારા સંયુકત નામે આવેલ છે, આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકી, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રી અલ્પેશભાઈ થોભણભાઈ કોરાટ, રહે. રાજકોટ એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ (દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેવ) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશ ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તે અમારા અસીલની સુચનાથી**

**તારીખ : ૨૨/૦૨/૨૦૨૬**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર,મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી.**
**મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૦ | ૧૬૨૦ |
| ૨ | મગફળી મીડીયમ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૩ | મગફળી | ૧૧૮૦ | ૧૪૬૦ |
| ૪ | જીરૂ | ૨૯૧૦ | ૪૭૦૦ |
| ૫ | ચણા | ૯૭૬ | ૧૦૭૪ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ૭ | ધાણા | ૧૩૩૦ | ૧૮૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૯૫૧ | ૧૯૫૧ |
| ૩ | તલ કાળા | ૨૪૦૨ | ૩૨૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૬૧૦ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૩૫૪ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૪ | ૫૬૩ |
| ૭ | જુવાર | ૯૯૧ | ૧૧૫૫ |
| ૮ | મગ | ૧૦૫૧ | ૨૫૦૧ |
| ૯ | અડદ | ૮૦૧ | ૮૦૧ |
| ૧૦ | તુવેર | ૧૧૯૦ | ૧૫૦૧ |
| ૧૧ | ચણા | ૭૯૦ | ૧૦૬૧ |
| ૧૨ | જીરૂ | ૩૮૭૬ | ૩૮૭૬ |

### ધારાસભ્ય જનક તળાવીયા મદદ માટે પહોંચ્યા

# બાબરા : ગરણી ગામે ભેદી બ્લાસ્ટ બાદ અસરગ્રસ્ત મકાનનાં પરિવારજનોને સાંત્વના પાઠવી

**જરૂરી આર્થિક સદદ અને તપાસ કરાવવાની પણ ખાત્રી આપી**



બાબરા, તા. ૨૧

બાબરા તાલુકાના ગરણી ગામે તાજેતરમાં થયેલા ભેદી અને રહસ્યમય બ્લાસ્ટની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભય અને ચિંતા ફેલાવી દીધી છે. અચાનક થયેલા વિસ્ફોટના કારણે એક રહેણાંક મકાનને ભારે નુકસાન પહોંચ્યુ હોવાનું સામે આવ્યું છે. સદનસીબે મોટી જાનહાનિ ટળી હોવાનું પ્રાથમિક માહિતીમાં જાણવા મળે છે, તેમ છતાં મકાનનો એક ભાગ ધરાશાયી થતાં પરિવારજનોએ ભયજનક પરિસ્થિતિનો સામનો કરવો પડયો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનક તળાવિયા ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિનો જાતે જ અંદાજ લીધો હતો. તેમણે નુકસાન પામેલા મકાનનુ નિરીક્ષણ કર્યુ અને પરિવારજનો સાથે બેઠક કરી સમગ્ર ઘટનાક્રમની વિગત મેળવી હતી.

ધારાસભ્યએ પીડિત પરિવારને સાંત્વના પાઠવી જરૂરી વહીવટી મદદ ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી હતી. તેમણે સંબંધિત અધિકારીઓને સ્થળ પર જ બોલાવી પ્રાથમિક અહેવાલ મેળવ્યો અને ઘટનાની નિષ્પક્ષ તથા ઊંડાણપૂર્વક તપાસ કરવા સૂચના આપી હતી.

તેઓએ જણાવ્યું હતું કે, આ પ્રકારની ઘટના અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. પીડિત પરિવારને પૂરતું વળતર અને સહાય મળે તે માટે હું સરકાર સમક્ષ રજૂઆત કરીશ. સાથે જ, બ્લાસ્ટનું સાચું કારણ બહાર આવે અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે કડક પગલાં લેવામાં આવશે.

સ્થાનિક ગ્રામજનોમાં ઘટના અંગે અનેક પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે. કેટલાક લોકો ધ્વારા ગેસ લીકેજ અથવા અન્ય તકનિકી કારણોની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ સત્તાવાર રીતે હજી સુધી કોઈ કારણ જાહેર કરવામાં આવ્યું નથી. તંત્ર ધ્વારા સુરક્ષા દ્રષ્ટિએ આસપાસનો વિસ્તાર સીલ કરી ટેકનિકલ ટીમ ધ્વારા વૈજ્ઞાનિક તપાસ હાથ ધરવામાં આવી છે.

આ બનાવ બાદ સમગ્ર પંથકમાં ચિંતા અને આશંકાનું વાતાવરણ સર્જાયું છે. ગ્રામજનો ધ્વારા પણ યોગ્ય તપાસ અને જવાબદાર તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી રહી છે.

### તાજેતરમાં યોજાયેલ ઝોન કક્ષાનાં કલા ઉત્સવમાં

# ચલાલાની તેજસ્વી વિદ્યાર્થીની સેજલ રાઠોડે હાર્મોનિયમ વાદનમાં અદ્ભુત કલાનુ પ્રદર્શન કર્યુ

**શ્રી ભુવા કન્યા શાળા ખાતે વિશેષ સન્માન કરાયુ**



ચલાલા, તા. ૨૧

અમરેલી -તાજેતરમાં યોજાયેલા ઝોન કક્ષાના કલા ઉત્સવમાં અમરેલી જિલ્લાનું નામ રાજય સ્તરે રોશન થયું છે. ચલાલા ગામની ભુવા કન્યા શાળાની તેજસ્વી વિદ્યાર્થીની રાઠોડ સેજલ મગનભાઈએ હાર્મોનિયમ વાદન સ્પર્ધામાં પોતાની અદભૂત કલાનું પ્રદર્શન કરી ઝોન કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. 'સેજલ'ની આ ભવ્ય સફળતાએ માત્ર શાળાનું જ નહીં પરંતુ સમગ્ર અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતી આ દીકરીએ પોતાની મહેનત અને સંગીત પ્રત્યેની રૂચિને કારણે આ સિદ્ધિ હાંસલ કરી છે.

આ ગેરવશાળી સફળતાને બિરદાવવા માટે ભુવા કન્યા શાળા ખાતે એક વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના આચાર્ય હરેશભાઈ જેબલિયા તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીની 'સેજલ' રાઠોડનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે આચાર્યએ જણાવ્યું હતું કે 'સેજલ'ની આ સિદ્ધિ પાછળ તેની સખત મહેનત અને શાળાના શિક્ષકોનું યોગ્ય માર્ગદર્શન રહેલું છે. આ સફળતામાં પાયાની ભૂમિકા ભજવનાર માર્ગદર્શક શિક્ષક નિમાવત સુરેશભાઈ તથા સાદીયા પારૂલબેનનું પણ શાળા પરિવાર દ્વારા સન્માન કરી તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

ઝોન કક્ષાએ વિજેતા થયા બાદ હવે સેજલ રાઠોડ આગામી રાજય કક્ષાની સ્પર્ધામાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ તેજસ્વી વિદ્યાર્થીની રાજય કક્ષાએ પણ પોતાની કલાનો જાદુ વિખેરે અને વિજેતા બનીને પરત ફરે તે માટે શાળાના આચાર્ય, શિક્ષકો અને ગ્રામજનો દ્વારા હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. આ સફળતાથી સમગ્ર પંથકમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાએ કર્યુ ખાતમુર્હત

# કોટડાપીઠા ખાતે રૂપિયા ૨૫ લાખનાં ખર્ચે ગ્રામ પંચાયત ભવન બનશે

**ગ્રામ્ય જનતાનાં રોજબરોજનાં કાર્યો સરળતાથી થશે**



કોટડાપીઠા, તા. ૨૧

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે બસ સ્ટેન્ડ પર આવેલ ગ્રામ પંચાયત ભવન રૂા. પચ્ચીસ લાખનાં ખર્ચે નવુ ભવન બનશે જેનું ખાતમુર્હત આ વિસ્તારનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા વરદહસ્તે કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યુ હતુ કે, આ બાબરા તાલુકામાં પચ્ચીસ ગ્રામ પંચાયત ભવન નવુ બનાવવા માટે મંજુર થયેલ છે આ તકે ધારાસભ્યનું શાલ ઓઢાડી ગ્રામ પંચાયત તેમજ ગ્રામજનો દ્વારા સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે કોટડાપીઠા ગ્રામ પંચાયતથી નવી બોડી જેનો સમય સાત માસમાં કોટડાપીઠા ગામના વિવિધ વિકાસ કામો રૂા. ૬૦ (સાંઈઠ) લાખનાં ખર્ચે બનાવેલી આ કોટડાપીઠા ગ્રામ પંચાયતની કામગીરીને ધારાસભ્યએ બીરદાવેલ તેમજ કોટડાપીઠાની મેઈન બજારની સડક રૂા. ૬ લાખનાં ખર્ચે રીપેરીંગ કરાશે. તેમજ કોટડાપીઠા ગામે ખોડિયાર મંદિરથી ખાનપર ચોકડી સુધીનો સુવિધાપથ રૂા. બે કરોડને સાંઠ લાખનાં ખર્ચે રાજય સરકારમાંથી મંજુર કરાવેલ છે.

આ પંચાયત ભવનનાં ખાતમુર્હત પ્રસંગે બાબરા ડી.ડી.ઓ. તેમજ બાબરા તાલુકાના પ્રમુખ હિતેષભાઈ કલકાણી, પુર્વ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, કોટડાપીઠાનાં સરપંચ સત્યજીતભાઈ વાળા અને ગ્રામ પંચાયતનાં સભ્યો ગામના આગેવાનો પત્રકાર ભરતભાઈ મહેતા તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્લોટ શાળાનાં શિક્ષક અજયભાઈ દવેએ કરેલ છે.

# રાજુલા : શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજ ખાતે માતૃભાષા દિનની ઉજવણી



રાજુલા, તા.૨૧

રાજુલા એજયુકેશનલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે આજરોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કોલેજના વિદ્યાર્થીની બહેનોએ સાહિત્યિક પ્રવૃતિ દ્વારા કરેલ. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીની બહેનો ને પ્રોત્સાહિત કરવા માટે કોલેજ કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા સેક્રેટરી,બાલકૃષ્ણ ભાઈ ત્રિવેદી તથા કેમ્પસ ડાયરેકટર ડો.જીગ્નેશ ભાઈ વાજા ઉપસ્થિત રહેલ. કોલેજ પ્રિન્સીપાલ ડો.રીટાબેન રાવળ માતૃભાષા દિન વિશે પ્રાસંગિક ઉદબોધન કરેલ. ગુજરાતી ભાષાનું ઉત્પતિ સ્થાનથી લઈ આધુનિક સાહિત્ય સ્વરૂપ તથા આધુનિક ગુજરાતી સાહિત્યના સર્જકો અને સર્જન થાય છે,

વિશે પોતાના વિચારો રજૂ કરેલ. આ ઉપરાંત ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ મધ્યકાલીન કવિઓ તથા તેમના ભક્તિ સાહિત્ય તથા ભક્તિ સાહિત્ય મહત્તાની સુંદર વાતો રજૂ કરેલ. કોલેજમાં દર માસે યોજાતી સાહિત્ય કુંજના સંયોજક પ્રમુખ ડો.મિત્તલબેન કે. નાયી દ્વારા ગુજરાતી નવલકથા વિશે તથા ટૂંકી વાર્તાઓ વિશે જણાવવામાં આવેલ. કોલેજના સંયોજક મંત્રી ઉપાધ્યાય ફોરમબેન તથા કવાડ પાયલબેન તથા એન. એસ. એસ પ્રોગ્રામ ઓફિસર, જાગૃતિબેન તેરૈયાએ મેઘાણી ના શેર્ય ગીતોની સુંદર રજૂઆત કરેલ. આભાર દર્શન પ્રો.નેહાબેન દરજીએ કરેલ.

# અમરેલી : રામાનંદી સાધુ સમાજે બિનવારસી મૃતદેહની અંતિમક્રિયા પૂર્ણ કરી

અમરેલી, તા. ૨૧

અમરેલી ઉદયગીરી બાપુ મહંત હનુમાનપરાં આશ્રમ અમરેલીનો ભરતભાઈ સાધુ (રામદળ ચેનલ) ઉપર ફોન આવેલ કે સીવીલ હોસ્પીટલ અમરેલી ખાતે સાધુ મહંત નટવરલાલ નવલરામ અગ્રાવતની બિનવારસી લાશ પડેલ છે. ભરતભાઈ સાધુ ધવારા અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજના આગેવાનોનો સંપર્ક કરી ઉપર મુજબ જાણ કરેલ.

ત્યારબાદ તપાસ કરતા મૃતક સંત બાબરા તરફથી આવેલ હોય અને બપોરનાં દાખલ થયેલ અને સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ હોય તેમ કથિત જાણવા મળેલ. તેથી બાબરા ખાતે તથા નજીકના જ્ઞાતિ જનોને જાણ કરાયેલ.

બીજે દીવસે અંતિમ કીયાની તમામ અતિયેસ્ટી કીટ /તમામ વસ્તુ વિગેરે મંગાવી ડેડ બોડી સ્મશાને લઈ જઈ ધાર્મીક વીધી પુર્વક સ્નાન, કંકુ,ગુલાલ, ચંદન, ફુલહાર, નવા વસ્ત્ર વિગેરેથી સંતને શરગાણીને વાજતે ગાજતે લઈ જઈ અગ્નિદાહ દઈ સ્મશાનની કાર્યવાહી પુર્ણ કરેલ. અતિયેસ્ટી કીટ તમામ વસ્તુનો ખર્ચ અજયભાઈ અગ્રાવતે (વિજય આર્ટ) કરેલ છે. તથા મૃતકના અસ્થિ જુનાગઢ ખાતે દામોદર કુંડમાં પધરાવવા જવાનું આયોજન ગોઠવેલ છે.

આ કાર્યમાં શહેર મંડળ ના સંજયભાઈ અગ્રાવત (વિજય આર્ટ), જીતુભાઈ ચરણદાસ, અજયભાઈ અગ્રાવત, ટોમભાઈ અગ્રાવત, આકાશભાઈ અગ્રાવત, ભરતભાઈ સાધુ (રામદળ ચેનલ), અમુભાઈ રામાવત, જે.સી. નિમાવત, કમલેશભાઈ લશ્કરી, પંકજભાઈ દેવમુરારી, તથા સંત ઉદયગીરી બાપુએ જહેમત ઉઠાવેલ. ડેડ બોડીને સ્મશાને મોકલવાની એમ્બ્યુલન્સની વ્યવસ્થા ગૌતમભાઈ કુબાવત શહેર મંડળ અમરેલીએ કરી આપેલ.

બાબરાથી નાનારામ બાપુ (પુજારી) તાપડીયા આશ્રમ બાબરા. રામદાસબાપુ, ગુરૂ પ્રેમદાસ બાપુ (બુધેલ -ભાવનગર), બકુલબાપુ (પુજારી અમરાપરા રામજી મંદીર - બાબરા), રામદાસ માતાજી, ગુરૂ શ્યામદાસ બાપુ (બાબરા), પણ આ કાર્ય માટે આવેલ અને તેઓ પણ સંતની અંતીમ વિધીની ધાર્મીક ક્રીયામાં સહભાગી થયેલ. અને આવેલ તમામ સેવાર્થીઓએ જરૂર પડયે સાથ સહકાર આપવાની ખાત્રી આપેલ અને આ સેવાનું કામ પુર્ણ કરેલ.

### પાલિકાનાં પૂર્વ ઉપપ્રમુખની રજુઆત સફળ

# ચલાલા : ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનાં લાભાર્થીઓનાં વ્યાજ અને દંડનીય વ્યાજ માફ

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો આભાર માન્યો**

ચલાલા, તા. ૨૧

ગુજરાત સરકારના ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ હેઠળ મકાન મેળવનારા ગરીબ અને મધ્યમ વર્ગના લાભાર્થીઓ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતકારી નિર્ણય લીધો છે. લાંબા સમયથી પડતર રહેલા હપ્તાઓને કારણે વ્યાજ અને દંડનીય વ્યાજની રકમ એટલી મોટી થઈ ગઈ હતી કે નાના લાભાર્થીઓ માટે તે ભરપાઈ કરવી અશક્ય બની ગઈ હતી. આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈ પોતાના વોડ નં. ૫,૬, મતવિસ્તારના લાભાર્થીઓ માટે ચલાલા નગરપાલિકાના પૂર્વ ઉપ-પ્રમુખ અનિરૂદ્રભાઈ વાળાએ પોતાના વિસ્તારના અન્ય સદસ્યોને સાથે રાખી ધારાસભ્ય જે.વી. કાકડીયાને વખતોવખતની રજુઆતો કરાતા ધારાસભ્યએ સરકારમાં અને વિધાનસભાના ફ્લોર પર અસરકારક રજૂઆત કરી હતી, જેના પરિણામે રાજય સરકારે તમામ લાભાર્થીઓના વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવાની જાહેરાત કરી છે.

આ પ્રશ્ન અંગે વિગતે વાત કરીએ તો, ગ્રામીણ વિસ્તારોમાં આવાસ યોજના હેઠળ ઘર મેળવનારા અનેક પરિવારો આર્થિક તંગીને કારણે સમયસર હપ્તા ભરી શક્યા નહોતા, જેના પર ચક્રવૃદ્ધિ વ્યાજ અને દંડ લાગતા રકમ અનેકગણી વધી ગઈ હતી. આ પરિસ્થિતિમાં ધારાસભ્ય જે.વી. કાકડીયાએ નાના માણસોની પીડા સમજીને મુખ્યમંત્રી અને સંબંધિત વિભાગમાં સતત ફોલોઅપ લીધું હતું. અંતે ભુપેન્દ્રભાઈ સરકારના આ માનવીય અભિગમથી હજારો પરિવારો વ્યાજના બોજમાંથી મુકત થયા છે.

### GTU ટોપટેનમાં સ્થાન મેળવ્યુ

# અમરેલી : એમ.એલ. કાકડીયા MCA મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ અગ્રેસર

**કૃપાલી ચૌહાણ, હિનલ પટોળીયા, નેન્સી નાડોડા અને હાર્મી બાલધા અગ્રેસર**



અમરેલી, તા. ૨૧

અમરેલી ખાતેની એમ.એલ. કાકડીયા MCA મહિલા કોલેજ MCA Sem - III પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ મેળવેલ છે.

કોલેજની વિદ્યાર્થીની કૃપાલી ચૌહાણ, હિનલ પટોળીયા, નેન્સી નાડોડા અને હાર્મી બાલધાએ શ્રેષ્ઠ પરિણામ મેળવતા ટ્રસ્ટીગણ સ્ટાફે અભિનંદન પાઠવેલ છે.

### સાહિત્ય અકાદમી અને આરાધના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# લાઠી (કલાપી નગર) ખાતે માતૃભાષા દિનની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

**કવિ શશિભાઈ રાજયગુરૂ, જે.પી.ડેર, ગોપાલ ધકાણે કવિતા રજુ કરી**



અમરેલી, તા. ૨૧

લાઠી શહેર ખાતે તા.૨૧/૨/૨૬ શનિવારના રોજ સવારના ૯:૦૦ કલાકે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર તથા આરાધના ચેરીટેબલ ટ્રસ્ટ લાઠીના સંયુકત ઉપક્રમે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાની પ્રેરણાથી કલાપી વિનય મંદિર લાઠીના પ્રાર્થના હોલ ખાતે 'મળી માતૃભાષા મને ગુજરાતી' શિર્ષક હેઠળ માતૃભાષા ઉજવણી દિન નિમિત્તે નાયબ કલેક્ટર એન.આઈ. બ્રમ્હભટ્ટની અધ્યક્ષતામા કાર્યક્રમ યોજાયો હતો. દિપ પ્રાગટ્ય ઉપસ્થિત મહેમાનો દ્વારા થયુ હતુ. મહેમાનોનુ સન્માન કરવામા આવ્યુ હતુ જેમા એન.આઈ બ્રમ્હભટ્ટ સા. કવિ જે.પી. ડેર સા. શશિભાઈ રાજયગુરૂ કવિ 'હેમાળવી', કવિ ગોપાલભાઈ ધકાણ, કલાપી વિનય મંદિરના આચાર્ય આર.એન. માલવીયા, ઈતેષભાઈ મહેતા વગેરે કવિઓ અને મહાનુભાવોનુ અનુક્રમે રાજુભાઈ રીજીયા, ગીતાબેન પીપાવત, હંસાબેન ઠુમ્મર, દ્વારા પુસ્તકો, પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સ્વાગત કરવામા આવ્યુ હતુ. આવકાર પ્રવચન આરાધના ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ઈતેષભાઈ મહેતાએ કર્યુ હતુ. પ્રાસંગિક પ્રવચનમા નાયબ કલેક્ટર બ્રમ્હભટ્ટએ ગુજરાતી ભાષાનો મહીમા અને તેના સંવર્ધન અર્થે લોક જાગૃતિ કેળવવાની હિમાયત કરી હતી. આ નિમિત્તે કવિ સંમેલનમા કવિ ગોપાલ ધકાણે ગ્રામીણ સંસ્કૃતિની ઝાંખી દર્શાવતા કાવ્યની રચનાઓ રજુ કરી હતી. કવિ જે.પી. ડેર કલાપી પર લખેલી રચના રજુ કરી હતી. કવિ 'હેમાળવી'એ પ્રકૃતિ તેમજ માનવીય સંવેદના અને કૃષ્ણ અને રૂક્ષ્મણીના લગ્ન પરનુ ગીત રજુ કરતા ભાવકો જુમી ઉઠ્યા હતા. આ કાર્યક્રમમા કલાપી વિનય મંદીરના બાળકો જેમા વંદનાબેન ગાંગડાયા તેમજ ભૂમિકાબેન છાપરાંએ ગીતો તેમજ પાર્થભાઈ મંડીરે વકતવ્ય રજુ કર્યુ હતુ. કાર્યક્રમનુ સંચાલન રાજેશ્રરીબેન રાજયગુરૂએ કર્યુ હતુ. આભાર વિધિ વિરાણી દ્વારા ગુજરાતી ભાષાની કવિતા દ્વારા કરી હતી.

### જિલ્લા વિહિપનાં પ્રમુખ વિજય દેસાઈએ નિર્ણયને આવકાર્યો

# લગ્ન નોંધણી કાયદામાં સુધારો કરવાનો નિર્ણય દીકરીઓ માટે સુરક્ષા કવચ સમાન

**રાજયનાં કાયદામંત્રી કૌશિક વેકરીયાને અભિનંદન પાઠવ્યા**



અમરેલી, તા. ૨૧

ગુજરાત સરકાર દ્વારા ગુજરાત મેરેજ રજીસ્ટ્રેશન એક્ટ-૨૦૦૬માં ધરખમ સુધારો કરી લગ્ન નોંધણી પ્રક્રિયામાં માતા-પિતાને સામેલ કરવાના ઐતિહાસિક નિર્ણયને વિ હિન્દુ પરિષદ, અમરેલી દ્વારા હર્ષભેર આવકારવામાં આવ્યો છે. વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા પ્રમુખ વિજયભાઈ દેસાઈ તથા જિલ્લા મંત્રી ઈતેશભાઈ મહેતાના સંયુકત નિવેદનમાં જણાવાયું હતું કે, સનાતન સંસ્કૃતિના સંરક્ષણ અને દીકરીઓની સુરક્ષા માટે વિ હિન્દુ પરિષદ લાંબા સમયથી સતત જાગૃત અને સક્રિય રહી છે. સમાજહિતને પ્રાથમિકતા આપતી વિ હિન્દુ પરિષદની સતત રજૂઆતો અને જનજાગૃતિના પરિણામ સ્વરૂપે સરકારે આ મહત્વપૂર્ણ અને સંવેદનશીલ સુધારો કર્યો છે, જે સંસ્થા માટે ગૌરવની બાબત છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત મેરેજ કાયદામાં રહેલી છટક બારીનો લાભ લઈ લવ જેહાદ જેવી પ્રવૃત્તિઓ થતી હતી. હાલ કરવામાં આવેલ સુધારો આવી પ્રવૃત્તિઓ સામે દીકરીઓ માટે મજબૂત સુરક્ષા કવચ સાબિત થશે.

આ મહત્વપૂર્ણ કાયદાને વાસ્તવિકતા આપવા માટે ગુજરાત રાજયના કાયદામંત્રી કૌશિકભાઈ વેકરીયાએ અંદાજે ૩૦થી વધુ બેઠકો યોજી તમામ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરીને કાયદાને વ્યવહારૂ અને અસરકારક સ્વરૂપ આપ્યું હતું, જે તેમની કાર્યશૈલી અને પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે.ગુજરાત મેરેજ રજીસ્ટ્રેશન એક્ટ-૨૦૦૬માં સુધારો કરવા બદલ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા કાયદામંત્રી કૌશિકભાઈ વેકરીયાને વિ હિન્દુ પરિષદ અમરેલી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.ઓળખાણ છુપાવીને થતા લગ્ન આપણી સંસ્કૃતિ પરનું આક્રમણ હોવાનું જણાવી આવા કૃત્યો સામે વધુ કડક જોગવાઈ કરવાની પણ માંગ કરવામાં આવી હતી. વિ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ તથા જિલ્લા મંત્રી ઈતેશભાઈ મહેતાએ સરકારના આ નિર્ણયને આવકારતાં ભવિષ્યમાં વધુ સખત કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવે તેવું સૂચન પણ કર્યુ હતું. વિ હિન્દુ પરિષદ દેશભરમાં સનાતન સંસ્કૃતિના સંરક્ષણ, દીકરીઓની સુરક્ષા અનેસમાજમાં જાગૃતિ ફેલાવવાનું કાર્ય સતત અને સંઘર્ષપૂર્વક કરતી આવી છે. માત્ર નિવેદન સુધી સીમિત ન રહી, પરંતુ જમીન પર કાર્ય કરી સમાજહિતના પ્રશ્નોમાં સક્રિય ભૂમિકા ભજવતી સંસ્થા તરીકે વિ હિન્દુ પરિષદે પોતાની જવાબદારી નિભાવી છે. વિ હિન્દુ પરિષદ અમરેલી દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આવનારા સમયમાં પણ દીકરીઓની સુરક્ષા અને આપણી સંસ્કૃતિના રક્ષણ માટે સંસ્થા અડગ રીતે કાર્ય કરતી રહેશે અને જયાં જરૂર પડશે ત્યાં વધુ કડક કાયદાકીય જોગવાઈઓ માટે અવાજ ઉઠાવતી રહેશે.

### ભાજપ સંગઠન મંત્રીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# ધારીનાં ઝર, પરબડી સહિતનાં ૮ ગામોને નર્મદાનાં નીર આપવા માંગ

**ધારાસભ્ય, સાંસદને પણ રજૂઆત કરાઈ**

ચલાલા, તા. ૨૧

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં સિંચાઈ અને પાણીની ગંભીર સમસ્યાને લઈને ભારતીય જનતા પક્ષના સંગઠન મંત્રી દિનેશભાઈ કે. ચોડવડિયા દ્વારા રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં ખાસ કરીને ધારી તાલુકાના ઝર ચેકડેમને ગુજરાત સરકારની 'સૌની યોજના'માં સમાવી તેને નર્મદાના નીરથી ભરવા માટે પ્રબળ માંગણી કરવામાં આવી છે. જો આ ચેકડેમમાં પાણી છોડવામાં આવે અને નદીમાં વહેણ ચાલુ કરવામાં આવે તો આસપાસના આઠ ગામો જેવા કે ઝર, ઝરપરા, મોરઝર, પરબડી, દહિડા, ઢોલરવા, મીઠાપુર (ડુંગરી) અને ચલાલાના ખેડૂતોને સીધો અને મોટો ફાયદો થઈ શકે તેમ છે.વર્તમાન વર્ષે વરસાદ ઓછો હોવાને કારણે આ વિસ્તારમાં કૂવા અને બોરના પાણીના તળ સાવ નીચે બેસી ગયા છે, જેના પરિણામે શિયાળુ પાકપણ નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. આ ગંભીર સ્થિતિમાં જો નર્મદાના પાણીથી આ વિસ્તારને જોડવામાં આવે તો જમીન ફરી લીલીછમ બની શકે છે. રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે ઝર ચેકડેમ પર નદીમાં વાલ મૂકવામાં આવેલ છે, પરંતુ તે ખોલવા માટે અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ જ નક્કર નિરાકરણ આવ્યું નથી.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનુ) આયોજીત વિનામૂલ્યે (ફ્રી) સર્વરોગ નિદાન કેમ્પ તા. ૨૩/૨૪/૨૫/ફેબ્રુઆરી/૨૦૨૬
વિધ કર્મ દ્વારા તમામ પ્રકારની પીડાનું ૧૦ જ મિનીટમાં નિવારણ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ-અમરેલી
તો આ ફ્રી કેમ્પનો અવશ્ય લાભ લેશો અને આપને રોજબરોજ સતાવતી નાની-મોટી શારિરીક-માનસિક પીડામાંથી છુટકારો મેળવો.....
(ગોળ હોસ્પિટલ) ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬
દવા તદ્દન ફ્રી

## ૧૫ દિવસથી તબિયત ખરાબ થઈ હોય

# વડિયાનાં હનુમાન ખીજડીયા ગામનાં યુવકે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

### મગજમાં તાવ ચડી જતાં પગલુ ભર્યુ

અમરેલી, તા. ૨૧

વડિયા તાલુકાનાં હનુમાન ખીજડીયા ગામે રહેતા અરૂણ ઉર્ફે ગોપાલ ધનજીભાઈ પરમાર નામના ૨૨ વર્ષિય યુવકને છેલ્લા પંદરેક દિવસથી તાવ આવતો હોય. તાવ મગજમાં ચડી જતાં પોતે પોતાની મેળે ગત તા. ૨૦નાં રોજ ૪ થી ૪:૩૦ વાગ્યા દરમ્યાન હનુમાન ખીજડીયા ગામે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## છકડો રિક્ષામાં થતી મુસાફરોની હેરફેર જોખમી

# રાજુલા : ભેરાઈ ચોકડી નજીક છકડો રિક્ષા પલ્ટી જતાં એક મહિલાનું મોત

### રિક્ષામાં સવાર અન્ય મુસાફરોને નાની-મોટી ઈજા

અમરેલી, તા. ૨૧, રાજુલા ગામે ભેરાઈ રોડ ઉપર માર્કેટીંગ યાર્ડની પાછળ રહેતાં રામજીભાઈ હરજીભાઈ શિયાળના માતા ભાવીબેન તથા મોટાભાઈ લખમણભાઈની દિકરી જયશ્રીબેન તથા બીજા અન્ય પાંચ-છ માણસો ગત તા. ૧૯ના આશરે રોજ ૧૧:૩૦ વાગ્યાના અરસામા રાજુલાથી રિક્ષા નં. જી.જે.-૧૪ વાય-૩૧૮૫ માં બેસીને શિયાળબેટ જતા હતા. ત્યારે કડીયાળી ગામે ભેરાઈ ચોકડી પાસે પહોંચતા રિક્ષાના ચાલકે પોતાના હવાલાવાળી રીક્ષા પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રીક્ષા પરનો કાબુ ગુમાવતા અચાનક રિક્ષા પલ્ટી મારી જતા ભાવીબેનને માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવેલ હતું. તેમજ રિક્ષામાં બેસેલ અન્ય માણસોને શરીરે નાની મોટી ઈજા કરી વાહન ચાલક પોતાનુ વાહન મુકી ભાગી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## મૃતક મહિલાનાં પતિએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

# અમરેલીની સિવિલ હોસ્પિટલમાં તબીબી બેદરકારીનાં કારણે મહિલાનું મોત થતાં કાર્યવાહી કરવાની માંગ થઈ

### સતત બીજા દિવસે મહિલાનાં પરિવારજનોએ હોબાળો મચાવ્યો



અમરેલી, તા. ૨૧

અમરેલીની શાંતાબા જનરલહોસ્પિટલમાંએકમહિલાનુંમોત થયાની ઘટના ગઈકાલે બન્યા બાદ મહિલાનાં પતિએ આજે જિલ્લા કલેકટરનેઆવેદનપત્ર પાઠવીનેતટસ્થ તપાસની માંગ કરી છે. કોંગી અગ્રણી જેનીબેનઠુંમર પણ પરિવારની મદદમાં જોડાયાહતા.

આવેદનપત્રમાંજણાવેલછે કે, તા. ૧૯/૨/૨૦૨૬નાંરોજરાત્રે આશરે ૧૦:૩૦વાગ્યે શાંતાબા જનરલસિવિલ હોસ્પિટલ ખાતે મારા ધર્મપત્ની ભનીબેન હરેશભાઈ મંદુરિયાની કોથળીનુંઓપરેશનકરવામાંઆવ્યુંહતું. ઓપરેશન દરમિયાન હાજર ડોકટરે જ સ્વીકાર્યુ હતું કે ઓપરેશન દરમ્યાન એક નસમાં ગંભીર ઈજા પહોંચી હતી જેના કારણે પેટના ભાગમાં ભારે પ્રમાણમાં લોહી ભરાઈ ગયું હતું. આ પરિસ્થિતિને સંભાળવા માટે અમોને જાણ કર્યા વિના અને અમારી લેખિત સંમતિ લીધા વિના બીજું ઓપરેશન કરવામાં આવ્યું. વધુમાં ગળાના ભાગે પણ હોલ પાડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન પારદર્શિતા રાખવામાં આવી નથી અને અમો પરિવારજનોને વાસ્તવિક પરિસ્થિતિથી અજાણ રાખવામાં આવ્યા. અંતે આ ગંભીર બેદરકારીનાં પરિણામે મારા પત્નીનું મૃત્યુ થયુ છે જે માનવજીવન પ્રત્યેની નિષ્ઠુર બેદરકારી દર્શાવે છે.

વધુમાં જણાવેલ છે કે, આ ઘટના એકમાત્ર વ્યકિતનું મૃત્યુ નથી, પરંતુ સરકારી હોસ્પિટલ પ્રત્યે જનમાનસમાં વિશ્વાસ તુટવાનો કિસ્સો છે. સરકારી હોસ્પિટલ હોવા છતાં અહી વિવિધ ટેસ્ટ, રિપોર્ટ અને સારવારનાં નામે ગરીબ દર્દીઓ પાસેથી મોટી રકમ

અનુસંધાન પાના ૬ ઉપર

પ્લોટ જોઈએ છે
રાજકોટથી નજીકના ગામમાં રોકાણ લાયક પ્લોટો ૨૦૦ વાર થી ૫૦૦૦ હજાર વાર સુધીના
કાલાવડ રોડ, મોટામવા, મુંજકા, હરીપર, વિરડા વાજડી, ઈશ્વરીયા, અમરેલી, ટેવગામ, આણંદપર, છાપરા, મોટાવડા તેમજ મોરબી રોડ હડાળા, રતનપર, મિતાણા, કુવાડવા રોડ, નાગલપર પીપળીયામાં
કોન્ટેક : કિર્તીભાઈ કંસારા 98251 60974 • 70467 10111
ફકત વેચનારે કોન્ટેકટ કરવો
સમય : ૧૦ થી ૧, ૪ થી ૮

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
સ્પે. ગુજરાતી થાળી
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૪૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1 Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2 Experience : 1-2 Years
• Night Billing Executive - 2 Experience : 1-2 Years
• Liaisoning Officer - 1 Experience : 1-2 Years (Male)
• Junior Accountant - 1 Experience : 1-2 Years
• Trainer - 2 Experience : 1-2 Years
Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

LG
This New Year Get Maximum Savings with the New Energy Ratings.
LG Air Conditioners
Life's Good.
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
ક્રિષ્ના કેટર્સ
અમરેલી.

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ ([illegible] કાર્ડિઓલોજીસ્ટ)
ડો. કોમલ વ્યાસ ઉનડકટ

શ્રી બગસરા નાગરીક સહકારી બેંક લી. બગસરા
સભાસદ ભેટ વિતરણ
બે સભાસદ વચ્ચે ૧ ટ્રાવેલીંગ બેગ
ટ્રાવેલીંગ બેગ
બેડશીટ સેટ | કેસરોલ, વોટરજગ | ફલાસ્ક, ટીફીન
ખાસ નોંધ : એક (૧) સભાસદ માટે ઉપરની ત્રણ પૈકી કોઈપણ ૧ ભેટ
(૧) બેંકના ડયુ-બાકીદાર લોની તેમજ તેના બન્ને જામીનોને સભાસદ ગીફ્ટ મળવા પાત્ર નથી.
(૨) કોઈપણ સંજોગોમાં ગીફ્ટ બદલી આપવામાં નહીં આવે.
(૩) જે સભાસદોને રી-KYC કરાવવાના બાકી હોય તેઓ તાત્કાલીક પાનકાર્ડની ઝેરોક્ષ, આધારકાર્ડની ઝેરોક્ષ અને ૧-ફોટો બેંકે પહોંચાડી દેવો.
(૪) સભાસદ ભેટ તા. ૩૧/૦૩/૨૦૨૪ ની સ્થિતિએ જે સભાસદ હશે તે સભાસદને મળવા પાત્ર થશે.
જે સભાસદ ભાઈઓ તથા બહેનોને સભાસદ ભેટ લઈ જવાની બાકી તેની છેલ્લી તારીખ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં લઈ જવી.
સી.જી. હિરાણી ચેરમેન | વી.એમ.મોદી વાઈસ ચેરમેન | એસ.એસ.ઢોલરીયા ઈ.ચા.મેનેજર
સ્થળ : "કામધેનું બિલ્ડીંગ", ભાયાણી રોડ, બગસરા.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)